**સુવિચાર**

ચાલનારને રસ્તો બતાવનાર મળે છે. બેસી રહેનારને રસ્તો મળતો નથી.

:: સૌજન્ય ::

**નિલકંઠ જ્વેલર્સ**
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭



પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૬/૦૪/૨૦૨૪, શનિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

amreli express

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.



ADMISSION OPEN

બાલમંદિર થી ધો. ૧૨
ગુજરાતી/અંગ્રેજી માધ્યમ
સાયન્સ - કોમર્સ - આર્ટસ
બોયઝ - ગર્લ્સ હોસ્ટેલ

**નિત્યમ વિદ્યા સંકુલ**



તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૦ ફાગણ વદ-૧૨ વર્ષ : ૧૫ અંક : ૦૯૭



ફ્રી નિદાન... ફ્રી સારવાર... ફ્રી ઓપરેશન કેમ્પ...

૨૪x૭ કલાક ઇમરજન્સી સારવાર

પથરી - પ્રોસ્ટેટ - કીડનીના દર્દીઓ માટે

તારીખ : ૦૬/૦૪/૨૦૨૪, શનિવાર : સવારે ૧૦ થી ૧

ડો.જય માંડડીયા
(યુરોલોજિસ્ટ)

**નવજીવન**
જનરલ હોસ્પિટલ

કેરીયા રોડ, નાગરિક બેંકની બાજુમાં, અમરેલી
ફોન નં. (૦૨૭૯૨) ૨૨૨૨૩, ૯૯૭૮૨ ૨૩૦૦૦ ઈમરજન્સી હેલ્પ લાઈન : ૯૯૭૮૨ ૬૩૦૦૦


## ઈફકોનાં ચેરમેન દિલીપ સંઘાણી, સાંસદ કાછડીયા, તમામ ધારાસભ્યો અને આગેવાનોની ઉપસ્થિતિમાં

# અમરેલી વિધાનસભા વિસ્તારનું ભાજપનું વિશાળ સંમેલન યોજાયું

ભાજપનાં ઉમેદવાર ભરત સુતરીયાને ઐતિહાસિક મતોથી વિજેતા બનાવવા હાંકલ

જિલ્લા ભાજપનાં તમામ આગેવાનોએ ખભેખભા મિલાવીને વિજયનો શંખનાદ કર્યો

દેશને વિકસિત બનાવવાનાં સંકલ્પ સાથે પ્રધાનમંત્રી આગળ વધતા હોય સહકાર આપવા અનુરોધ

જિલ્લાનાં તમામ મતદારોને સરકારની સિધ્ધિથી વાકેફ કરવાનો સંકલ્પ લેવાયો



અમરેલી, તા. ૫

અમરેલીનાં લીલીયા માર્ગ ઉપર આવેલ ભાજપનાં લોકસભા ચૂંટણીનાં મધ્યસ્થ કાર્યાલય ખાતે ઈફકોનાં ચેરમેન દિલીપ સંઘાણી, સાંસદ કાછડીયા, નાયબ દંડક કૌશિક વેકરિયા, ધારાસભ્યો મહેશ કસવાલા, જે.વી. કાકડીયા, જનક તળાવીયા તેમજ ભાજપનાં આગેવાનો, કાર્યરોની ઉપસ્થિતિમાં અમરેલી વિધાનસભા વિસ્તારનું સંમેલન યોજાયું હતું. જેમાં ઉપસ્થિત આગેવાનોએ નરેન્દ્ર મોદી સરકારનાં ૧૦ વર્ષનાં શાસનમાં દેશમાં થયેલ સર્વાંગી વિકાસ અંગે જાણકારી આપી હતી. રામ મંદિર, ૩૭૦ની કલમ સહિતનાં વર્ષો જુના અણઉકેલ પ્રશ્નોનું નિરાકરણ કરવામાં આવ્યું હોવાનું જણાવીને


અનુસંધાન પાના ૬ ઉપર



૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ

61,790/-
(૧૦ ગ્રામ)

રહેલ તા.૦૫/૦૪/૨૦૨૪ ના રોજ

હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166

**બાલમુકુંદ** જ્વેલર્સ પ્રા.લી.

એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬



**જોઈએ છે**

પેટ્રોલપંપ પર કામ કરી શકે તેવા ભાઈઓ/બહેનો આકર્ષક પગારથી જોઈએ છે

**શ્રી ક્રિષ્ના પેટ્રોલ પંપ**
HP પેટ્રોલ પંપ, માણેકપરા, અમરેલી.


### અરજદારથી લઈને વર્કરોને જવાબ આપવામાં ઠાગાઠૈયા

# અમરેલી ખાતે આવેલ આંગણવાડી કેન્દ્રની આઈસીડીએસ કચેરી વિવાદમાં સપડાઈ

જનપ્રતિનિધિઓ અને ઉચ્ચ અધિકારીઓએ સમસ્યાનું નિરાકરણ કરવું જરૂરી

અમરેલી, તા. ૫

દેશના ભાવિ સમાન નાના ભૂલકાઓ માટે સરકાર દ્વારા આંગણવાડીની યોજનાઓ અમલીકરણ છે. પણ આંગણવાડી કેન્દ્રની મુખ્ય શાખા ગણાતી અમરેલીની આઈ.સી.ડી.એસ. શાખામાં જાણે પોપાબાઈનું રાજ ચાલતું હોય તેમ મુખ્ય આંગણવાડી પ્રોગ્રામ ઓફીસર પોતાની જાતને અમરેલી


અનુસંધાન પાના ૬ ઉપર



જન્નત નશીન / હાર્દિક શ્રધ્ધાંજલિ



મર્હુમ દિનુભાઈ સંવટ
મર્હુમ તા. ૦૪-૦૪-૨૦૨૪, ગુરૂવાર, અમરેલી

પૂ.મહાત્મા ગાંધીબાપુના સર્વોદયના સંસ્કારોને આજીવન વરેલા, નખશિખ ગાંધીવાદી વિચારસરણીનું જીવત પર્યન્ત પાલન કરનાર એક શ્રેષ્ઠશિક્ષક સાથે એક આદર્શ લોક શિક્ષક - લોક સેવકનું જેમને બિરૂદ મળ્યું હતું તેવા અમારા પરિવારનાં મોભી શ્રી દીનુભાઈ સંવટ જન્નત નશીન થતા સમગ્ર સંવટ પરિવારને ન પૂરી શકાય તેવી ખોટ પડી છે. ઈશ્વર અલ્લાહ તેમની રૂહને શાંતિ આપે તેવી પ્રાર્થના.... જય આપાગીગા.

લી.
શ્રી મોટાભાઈ સંવટ - સરંભડા
શ્રી કનુભાઈ સંવટ (USA)



**હોસ્પિટલ માટે સ્ટાફ જોઇએ છે**

મેડીકલ ઓફીસર

M.B.B.S./B.H.M.S./B.A.M.S
પગાર ધોરણ : ૧૫૦૦૦/- થી ૨૧૦૦૦/- (અનુભવી માટે)
પગાર ધોરણ : ૧૪૦૦૦/- થી ૧૬૦૦૦/- (Freshers)
Day shift 2 (Ladies) Night shift 1(Ladies & Gents)

નર્સીંગ સ્ટાફ

GNM / ANM / Bsc Nursing
પગાર ધોરણ : ૧૧૦૦૦/- થી ૧૩૦૦૦/- (અનુભવી માટે)
પગાર ધોરણ : ૯૦૦૦/- થી ૧૧૦૦૦/- (Freshers)
Day shift 2 (Ladies) Night shift 2 (Ladies)

અમરેલીમાં રહેતા વ્યકિતઓને પ્રાથમિકતા આપવામાં આવશે.
ઈન્ટરવ્યુ માટે રૂબરૂ મળવું, ફોન કરવો નહિં

**નારી** વુમન્સ & ચિલ્ડ્રન્સ હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર

જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.



હવે...આપણા અમરેલીમાં જ સુરત, રાજકોટ, અમદાવાદ જેવી જ સુવિધા ઉપલબ્ધ.

**NCT CANDOR**
IVF CENTER (ટેસ્ટ ટ્યૂબ બેબી)

ડો. ચેતના મુરારકર
M.B.B.S., DGO
(Laparoscopic Surgeon & IVF Specialist)

ડો. જયદેવ ધામેલીયા
MBDGO
IVF Specialist
( 14 years Experience )



હવે... તમારા ઘરે પણ ગુંજશે
ખુશીઓની કિલકારી...

એકમાત્ર અમરેલી જીલ્લાનુ
IVF CENTER
(ટેસ્ટ ટ્યૂબ બેબી સેન્ટર)

સ્થળ: નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટીસ્પેશિયાલિટી હોસ્પિટલ | ગોળ હોસ્પિટલ કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી

વધુ માહિતી માટે સંપર્ક કરો
99789 66629, 88491 09784

## દિલ્હી ખાતે પાર્ટી પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે, સોનિયા અને રાહુલે ચૂંટણી ઢંઢેરો જાહેર કર્યો

# કોંગ્રેસે ગરીબો, મહિલાઓ, બેરોજગાર યુવકો, ખેડૂતોનાં હિતની આપી ગેરંટી

**મહિલાઓને દર વર્ષે એક લાખ રૂપિયા આપવાનું વચન**

**ખેડૂતોને દેવામાફી, એમએસપીની ગેરંટી, જાતિ આધારિત વસ્તી ગણતરી કરાશે**

**દેશભરમાં રૂપિયા ૨૫ લાખ સુધીની વિનામૂલ્યે સારવાર કરી આપવામાં આવશે**

**બેરોજગાર યુવાનોને વિપુલ પ્રમાણમાં નોકરીની તક ઉપલબ્ધ કરાવવામાં આવશે**



નવી દિલ્હી, તા.૫

આગામી લોકસભા ચૂંટણી માટે કોંગ્રેસે આજે પોતાનો ચૂંટણી ઢંઢેરો બહાર પાડી દીધો. કોંગ્રેસે પોતાના ઘોષણાપત્રમાં અનેક વચનો આપ્યા છે. કોંગ્રેસ નેતા સોનિયા ગાંધી, પાર્ટી અધ્યક્ષ મલ્લિકાર્જૂન ખડગે અને પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધી સહિત કોંગ્રેસના નેતાઓની હાજરીમાં કોંગ્રેસ હેડકવાર્ટરમાં ઘોષણાપત્ર બહાર પાડવામાં આવ્યું. કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જૂન ખડગેએ માહિતી આપતા કહ્યું કે ૨૦૨૪માં જો કેન્દ્રમાં અમારી સરકાર બને તો સરકાર ગરીબ પરિવારની મહિલાઓને દર વર્ષે એક લાખ રૂપિયાની મદદ આપશે. આ ઉપરાંત ખેડૂતોને પણ કરજમાફીનું વચન આપ્યું.

કોગ્રેસે ચૂંટણી ઢંઢેરાને ન્યાયપત્ર નામ આપ્યું છે. ખાસ વાત એ છે કે મેનિફેસ્ટોના કવર પર પાર્ટી અધ્યક્ષ મલ્લિકાર્જૂન ખડગે સાથે રાહુલ ગાંધીની તસવીર પણ છે. કોંગ્રેસ પાર્ટીએ કહ્યું કે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, અને પછાત વર્ગ દેશની વસ્તીના લગભગ ૭૦ ટકા જેટલા છે પરંતુ સારી નોકરીઓ અને સારા વ્યવસાયો તથા ઊંચા પદો પર તેમની ભાગીદારી ઓછી છે.

ચૂંટણી ઢંઢેરામાં મોટા મોટા વચનો

- કોંગ્રેસ રાષ્ટ્રવ્યાપી આર્થિક-સામાજિક જાતિ આધારિત વસ્તી ગણતરી કરાવશે. તેના માધ્યમથી કોંગ્રેસ જાતિઓ, ઉપજાતિઓ, અને તેમની આર્થિક અને સામાજિક સ્થિતિની ભાળ મેળવશે. સ્થિતિ સુધારવા પગલાં ભરશે.

- કોંગ્રેસ પાર્ટી અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, પછાત વર્ગ અને ગરીબ સામાન્ય વર્ગને મળતી અનામત પરથી ૫૦ ટકાની કેપ હટાવશે.

- કોંગ્રેસ શિક્ષણ અને નોકરીઓમાં આર્થિક રીતે નબળા વર્ગ (EWS) ને મળતા ૧૦ ટકા અનામતને કોઈ પણ ભેદભાવ વગર તમામ જાતિઓ અને સમુદાયના લોકો પર લાગૂ કરશે.

- કોંગ્રેસ અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને પછાત વર્ગ માટે અનામતના તમામ ખાલી પદોને એક વર્ષની અંદર ભરશે.

- વરિષ્ઠ નાગરિકો, વિધવાઓ, અને દિવ્યાંગો માટે પેન્શનમાં કેન્દ્ર સરકારનું યોગદાન ફક્ત ૨૦૦-૫૦૦ રૂપિયા પ્રતિ માસ છે. કોંગ્રેસ આ પેન્શનની રકમ વધારીને ન્યૂનતમ ૧૦૦૦ રૂપિયા માસિક કરશે.

- રાજસ્થાનમાં કોંગ્રેસ સરકાર દ્વારા લાગૂ કરાયેલી ચિરંજીવી યોજનાની જેમ દેશભરમાં ૨૫ લાખ રૂપિયા સુધીની મફત સારવાર માટે કેશલેસ વીમા યોજના લાગૂ કરાશે.

- કોંગ્રેસ ૨૫૦૦થી વધુ વસ્તીવાળા વિસ્તારમાં એક વધારાના આશા કાર્યકરની નિયુક્તિ કરશે.

- ખેડૂતોને ટેકાના ભાવ (MSP) પર કાનૂની ગેરંટી મળશે.

- કોંગ્રેસ આશા કાર્યકર, આંગણવાડી કાર્યકર, મધ્યાહન ભોજન રસોઈયા વગરે ફ્રન્ટ લાઈન સ્વાસ્થ્ય કાર્યકરોના માનદ વેતનમાં કેન્દ્ર સરકારનું યોગદાન બમણું કરશે.

- પહેલી નોકરી પાક્કી ગેરંટી- કોગ્રેસ શિક્ષુ (અપ્રેન્ટિસ) એક્સ ૧૯૬૧ને હટાવીને અપ્રેન્ટિસશિપ અધિકાર અધિનિયમ લાવશે. આ કાયદો ૨૫ વર્ષથી ઓછી ઉંમરના પ્રત્યેક ડિપ્લોમા ધારક કે કોલેજ સ્નાતક માટે ખાનગી અને સરકારી ક્ષેત્રની કંપનીમાં એક વર્ષનો અપ્રેન્ટિસશિપ કાર્યક્રમ આપશે.

- આ કાયદા હેઠળ દરેક અપ્રેન્ટિસને એક લાખ રૂપિયાનું પ્રતિ વર્ષ વેતન આપવામાં આવશે જે નિયોક્તા કંપની અને સરકાર દ્વારા સમાન રીતે ભોગવવામાં આવશે. આ કાયદો યુવાઓને કૌશલ પ્રદાન કરશે, રોજગાર ક્ષમતા વધારશે અને કરોડો યુવાઓને નોકરીની તકો આપશે.

- કોંગ્રેસ કેન્દ્ર સરકારમાં વિવિધ સ્તરો પર સ્વીકૃત લગભગ ૩૦ લાખ ખાલી પદો ભરશે.

- કોંગ્રેસ સ્ટાર્ટ અપ માટે ફંડ અને ફંડ્સ યોજનાનું પુર્નગઠન કરશે અને ઉપલબ્ધ ફંડના ૫૦ ટકા, ૫૦૦૦ કરોડ રૂપિયા જ્યાં સુધી શક્ય હોય દેશના તમામ જિલ્લાઓમાં સામાન રીતે ફાળવશે. જેથી કરીને દેશભરમાં ૪૦ વર્ષથી ઓછી ઉંમરના યુવાઓને પોતાનો ધંધો શરૂ કરવા માટે ધન ઉપલબ્ધ કરાવી શકાય જેથી કરીને તેઓ પોતાના વેપારને વધારી શકે અને રોજગારની તકો ઉભી થાય.

બેરોજગારો માટે શું

- કોંગ્રેસ એવા આવેદકોને એકવાર રાહત આપશે જે મહામારી સમયે ૧ એપ્રિલ ૨૦૨૦થી ૩૦ જૂન ૨૦૨૧ દરમિયાન સરકારી પરીક્ષા આપવામાં અસમર્થ રહ્યા.

- કોંગ્રેસ સરકારી પરીક્ષાઓ અને સરકારી પદો માટે અરજી ફી સમાપ્ત કરશે.

- વ્યાપક બેરોજગારીના કારણે કોંગ્રેસ તમામ વિદ્યાર્થી શૈક્ષિક ઋણો મામલે ૧૫ માર્ચ ૨૦૨૪ સુધી વ્યાજ સહિત ઋણની ચૂકવવાની રકમ માફ કરશે અને બેંકોને સરકાર દ્વારા પૂર્તિ કરવામાં આવશે.

- કોંગ્રેસ ૨૧ વર્ષથી ઓછી ઉંમરના પ્રતિભાશાળી અને ઉભરતા ખેલાડીઓને પ્રતિ માસ ૧૦૦૦૦ રૂપિયાની ખેલ છાત્રવૃત્તિ પ્રદાન કરશે.

ચૂંટણી ઢંઢેરો જાહેર કરતા કોંગ્રેસે યુપીએ અને એનડીએના શાસનકાળની સરખામણી કરતાં દાવો કર્યો હતો કે ૨૦૦૪-૨૦૧૪ના ગાળામાં યુપીએની સરકારમાં દેશનો આર્થિક વિકાસ હાલની સરકારના કાર્યકાળ કરતાં વધુ રહ્યો હતો. કોંગ્રેસે જો પોતાની સરકાર બને તો સમગ્ર દેશમાં સામાજિક અને આર્થિક તેમજ જ્ઞાતિ આધારિત વસતી ગણતરીનું પણ વચન આપ્યું છે, તેમજ તેના આધારે હાલ દલિત, આદિવાસી અને ઓબીસી સમુદાયને મળતા અનામતની ૫૦ ટકાની મર્યાદાને પણ વધારવાની વાત કરી છે. પક્ષનો દાવો છે કે તેણે પોતાની વેબસાઈટ 'આવાજ ભારત કી' પર મળેલા મંતવ્યો ઉપરાંત ઈમેલ દ્વારા મળેલા હજારો પ્રતિસાદને ધ્યાનમાં રાખીને પોતાનો ચૂંટણી ઢંઢેરો તૈયાર કર્યો છે.

### અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનમાં

## બનાવટી દસ્તાવેજ અને વિશ્વાસઘાતનાં ગુન્હામાં ૨ વર્ષથી નાસતો ફરતો આરોપી ઝડપાયો

**એસપીની સુચનાથી ફલાઈંગ સ્કવોર્ડનો સપાટો**

અમરેલી, તા. ૫

અમરેલી જીલ્લા પોલીસ અધિક્ષક હિમકર સિંહે અમરેલી જીલ્લામાં નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા માટે અમરેલી ડીવીઝનના નાયબ પોલીસ અધિક્ષક ચિરાગ દેસાઈ દ્વારા નાસતા ફરતા સ્કવોર્ડની રચના કરી નાસતા ફરતા આરોપીને પકડી પાડવા જરૂરી સુચના તથા માર્ગદર્શન આપેલ હોય. જે અન્વયે અમરેલી ડીવીઝન નાસતા ફરતા સ્કવોર્ડના ઈન્ચાર્જ પોલીસ સબઈન્સ્પેકટર કે.એસ. ડાંગર તથા પોલીસ સ્ટાફ દ્વારા અમરેલી તાલુકા આઈપીસી કલમ ૪૦૬, ૪૬૫, ૪૬૮, ૪૭૧, ૧૧૪ વિગેરે મુજબના કામનો નાસતો ફરતો આરોપી લાલાભાઈ ઉર્ફે લાલો ગભરૂભાઈ કરેણીયા (રહે. ઉંડવી, તા.જી. ભાવનગર) ને હ્યુમન સોર્સ તથા ટેકિનકલ



સોર્સની મદદથી પકડી પાડી ધોરણસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

### એસપીની સુચનાથી તાલુકા પોલીસની કામગીરી

## અમરેલીનાં ફતેપુર ગામ જવાનાં માર્ગ પરથી અગ્નિશસ્ત્ર સાથે આરોપી ઝડપાયો

**તાલુકા પોલીસે ગુન્હો નોંધી તપાસ શરૂ કરી**

અમરેલી, તા. ૫

આગામી લોકસભા ચુંટણી–૨૦૨૪ અનુસંધાને આદર્શ આચારસંહિતા અમલમાં હોઈ જે અંગે બાતમી આધારે ગેરકાયદેસર દેશી હાથ બનાવટની બંદુક (અગ્નિશસ્ત્ર) હથિયાર સાથે એક ઈસમને અમરેલી તાલુકા પોલીસ ટીમે ઝડપી પાડી ધોરણસર કાર્યવાહી હાથ ધરી છે.



અમરેલી જિલ્લા પોલીસ અધિક્ષક હિમકરસિંહે આગામી સમયમાં લોકસભાની ચુંટણી યોજાવાની હોઈ અને આચારસંહિતા અમલમાં હોઈ જે અનુસંધાને જીલ્લામાં ગેરકાયદેસર હથિયાર ધરાવતા ઈસમોની વોચમાં રહી રેઈડ કરી આવા ઈસમોને પકડી પાડવા સુચના આપેલ હોય. જે અન્વયે અમરેલી ડીવીઝનના નાયબ પોલીસ અધિક્ષક ચિરાગ દેસાઈ દ્વારા અમરેલી ડિવીઝનમાં બનતા આવા ગુનેગારોને ત્વરિત પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરવા સુચના અને માર્ગદર્શન આપેલ હોય.

જે અન્વયે અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પોલીસ ઈન્સ.આર.જી. ચૌહાણનાં માર્ગદર્શન હેઠળ અમરેલી તાલુકા પોલીસ ટીમ અમરેલી તાલુકા પોલીસને બાતમી હકીકતના આધારે ફતેપુર ગામ તરફ જવાના કાચા રસ્તેથી નદીમભાઈ ગફારભાઈ બેલીમ (રહે. મોટાકસ્બાવાડ અમરેલી) નામનાં ઈસમને દેશી હાથ [redacted]

### એસીપીની સુચનાથી કામગીરી

## સાવરકુંડલામાં જામગીરી બંદૂક સાથે એક પ્રૌઢની અટકાયત

**સ્થાનિક પીઆઈએ કરી કાર્યવાહી**

અમરેલી, તા. ૫

સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર એ.એમ. પરમારની સુચના અને માર્ગદર્શન હેઠળ સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનની સર્વેલન્સ ટીમ ધ્વારા સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગ દરમ્યાન મળેલ ચોકકસ બાતમી આધારે મારૂતીનગરમાંથી એક હાથ બનાવટની દેશી જામગરી બંદૂક (અગ્નિશસ્ત્ર) સાથે રેમાનભાઈ હાજીભાઈ લાડકને ઝડપી લઈ ધોરણસર કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

આ કામગીરી સાવરકુંડલા ટાઉન પોલીસ ઈન્સ્પેકટર એ.એમ.



પરમાર તથા એએસઆઈ હિંગળાજસિંહ પ્રધ્યુમનસિંહ, પોલીસ કોન્સ્ટેબલ જીતુભાઈ ગોબરભાઈ, પોલીસ કોન્સ્ટેબલ મહેશભાઈ ગીરજાશંકરભાઈ ધ્વારા કરવામાં આવેલ છે.

## બગસરા પોલીસ સ્ટેશનમાં શાંતિ સમિતિની બેઠક યોજાઈ



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૫

બગસરા પોલીસ સ્ટેશનમાં રામનવમી તથા રમજાન ઈદ પર્વ નિમિત્તે બગસરા પોલીસ સ્ટેશનના પીઆઈ જાડેજાના અધ્યક્ષ સ્થાને બગસરા આગેવાનોની મિટિંગ મળી હતી જેમાં રશ્મિનભાઈ ડોડીઆ, ધીઢભાઈ કોટડીયા, નાગભાઈ ધાધલ, અનકભાઈ વાળા, ઈન્દુકુમાર ખીમસુરીયા, મુકેશભાઈ ગોંડલીયા, કાળુભાઈ પાનસુરીયા, ભરતભાઈ ભાલાળા, ઈસાભાઈ સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા અને આ મિટિંગમાં પીઆઈ જાડેજા એ તહેવારો નિમિત્તે ભાઈચારા અને હર્ષ ઉલ્લાસ સાથે તહેવારો મનાવવામાં આવે તેવી આગેવાનો સાથે વાતચીત કરી હતી.

### સામેથી આવી રહેલ ટ્રક સાથે અકસ્માત થતાં

## સાવરકુંડલાનાં લીખાળા–વીજપડી માર્ગ પર બાઈક સવારનું મોત

**ટ્રક ચાલક વિરૂધ્ધ ફરિયાદ નોંધાઈ**

અમરેલી, તા. ૫

સાવરકુંડલા તાલુકાના ગોરધનભાઈ રામભાઈ દેવાણી તા. ૪ના રાત્રે ૮/૧૫ વાગ્યે લીખાળાથી વીજપડી રોડ ભરડીયા પાસે પોતાનુ ટુ–વ્હીલ મોટર સાયકલ લઈને લીખાળાથી વીજપડી ગામે જતા હતા. ત્યારે ભરડીયા પાસે આવેલ ચોકડી નજીક પહોંચતા ટ્રક નં.જી.જે.–૧૨ યુ ૬૬૫૩ ના ચાલકે પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી ગોરધનભાઈ રામભાઈ દેવાણીની ટુવ્હીલ મોટર સાયકલ સાથે ભટકાવી કમરના ભાગે તથા માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી સારવાર દરમ્યાન મોત નિપજાવી નાસી ગયાની ટ્રકચાલક સામે ફરિયાદ નોંધાઈ છે.

### ટ્રકના ધંધામાં કોઈ આવક થતી ન હતી

## રાજુલાનાં વીકટર ગામના યુવકે ધંધો ચાલતો ન હોય ગળાફાંસો ખાઈ લીધો

**નાના એવા ગામમાં અરેરાટીનો માહોલ**

અમરેલી, તા. ૫

રાજુલા તાલુકાના વીકટર લેબર કર્વાટરમાં રહેતા પ્રતાપભાઈ ભોળાભાઈ બાંભણીયા નામનાં ૪૫ વર્ષિય આધેડને સીતારામ ટ્રાન્સપોર્ટ નામે બે ગાડીઓ ચાલતી હોય અને ધંધો બરાબર ન ચાલતો હોય. જેથી આર્થિક રીતે કંટાળી જઈ ગત તા. ૩ ના આશરે સાંજના દસેક વાગ્યે વીકટર ગામે પોતે પોતાની મેળે પોતાના ઘરે ગળાફાંસો ખાઈ મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

### રિક્ષામાં કપાસ ભરીને જતાં હોય

## રાજુલાનાં જુની બારપટોળી ગામનાં યુવક ઉપર એસિડ વડે હુમલો

**યુવકને ઈજાગ્રસ્ત હાલતમાં સારવારમાં ખસેડાયા**

અમરેલી, તા. ૫

રાજુલાનાં જુની બાર પટોળી ગામનાં શિવાભાઈ બાબુભાઈ લાખણોત્રા નામનાં યુવક રિક્ષામાં કપાસ ભરીને જતાં હોય. કોઈ અજાણ્યા વ્યકિતઓએ તેમના પર એસિડ વડે હુમલો કરતાં ઈજાગ્રસ્ત બનેલ યુવકને સારવારમાં ખસેડવામાં આવેલ છે.

આ બનાવને લઈને રાજુલાનાં પીઆઈ ગીડા ધ્વારા તપાસ શરૂ કરવામાં આવી છે.



## સમગ્ર પંથકનાં યુવાનો, મહિલાઓ, વડીલો, માતાઓ દ્વારા જબરદસ્ત આવકાર

# સાવરકુંડલા પંથકમાં કોંગ્રેસનાં ઉમેદવાર જેનીબેન ઠુંમરને પ્રચંડ સમર્થન

### માનવ મંદિર અને કાનાતળાવ આશ્રમ, નેસડીનાં ખોડિયાર મંદિરના દર્શન કરતાં કોંગી ઉમેદવાર



અમરેલી જિલ્લા લોકસભાનાં સૌથી નાની વયનાં સૌથી શિક્ષિત ઉમેદવાર એવા જેનીબેન ઠુંમર આજે સાવરકુંડલા ગ્રામ્ય વિસ્તારમાં લોકોના આશીર્વાદ મેળવવા માટે ગ્રામ્ય પ્રવાસ કર્યો હતો. જેમાં લોકોએ અને ખાસ કરીને બહેનોએ તેમને ઉમળકાભેર આવકારી અને ઢોલ–નગારા સાથે આવકારી અને ઘોડા પર બેસાડી અને સ્વાગત કર્યુ હતું. જેનીબેન ઠુંમરે આ તકે વિશાળ જન સમુદાયને સંબોધન કરતા જણાવ્યું હતું કે, ખેડૂત અને ખેતી સમૃધ્ધ થાય તો જ દેશનો અને સમાજનો વિકાસ થાય સૌથી વધુ રોજગારી દેશમાં ખેતી ક્ષેત્રમાંથી આવે છે માટે ખેડૂતોને પોતાની જણસના યોગ્ય ભાવ મળે તે જરૂરી છે. ખેતીમાં ખાતર, બિયારણ અને જંતુનાશક દવાઓ મોંઘી થઈ ગઈ છે. ત્યારે ખેડૂતોને તેના પાકા પુરતા ભાવ મળતાથી તેમાંય અવાર–નવાર કુદરતી આફતો અને કમૌસમી માવઠા સહિતનો માર ખેતીને વધુ નુકસાન કરે છે. ત્યારે ખેડૂતોને મીનીમમ સપોર્ટ પ્રાઈઝ (એમએસપી) પ્રમાણેના ભાવ ચોકકસ મળવા જોઈએ. આ ઉપરાંત સરકાર નોકરીયાત વર્ગ છે તેઓને પણ જૂની પેન્શન સ્કીમનો લાભ મળે તેવી માંગણીઓ થઈ રહી છે. તેમને અમારૂ સમર્થન છે. આ તકે તેમણે એક સમયે અમરેલીની ઓળખ ગણાતા સાવરકુંડલાના કાંટા ઉદ્યોગને યાદ કરતા જણાવ્યું કે આ કાંટા ઉદ્યોગમાં અનેક લોકોને રોજગારી મળતી હતી ત્યારે આ ઉદ્યોગને પ્રોત્સાહિત કરવો જરૂરી છે. બહેનોને સંબોધન કરતા જેનીબેન ઠુંમરે જણાવ્યું કે ભારત દેશમાં અડધી આબાદી બહેનોની છે. ત્યારે તેમના શિક્ષણ, સ્વાસ્થ્ય અને રોજગારીની બરોબર તક મળવી જોઈએ. દીકરો એક ઘર તારે તો દીકરી બે ઘર તારે એ યુકિત મુજબ બહેનોને વધુમાં વધુ રોજગાર મળે તેવા પ્રયાસો અમારી પ્રાથમિકતા રહેશે. આ તકે જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપભાઈ દુધાતે તડકા અને ગરમી વચ્ચે કોંગ્રેસનાં એક નાના કાર્યકર તરીકે મને અને જેનીબેનનું સ્વાગત થઈ રહ્યું છે તેનો હું આભાર માનું છું. સાથે તેમણે કોંગ્રેસ ધ્વારા આ વિસ્તારમાં મહિલા ઉમેદવારને લોકસભાની ટીકીટ અપાઈ છે ત્યારે કોંગ્રેસ ધ્વારા જાહેર કરવામાં આવેલ નારી ન્યાય યોજના અંગે લોકોને માહિતી આપી હતી. જેમાં મહાલક્ષ્મી યોજના અંતર્ગત ગરીબ પરિવારની બહેનોને રૂા. ૧ લાખ (દર વર્ષે), આધી આબાદી પુરા હકક અંતર્ગત કેન્દ્ર સરકારી સરકારી નોકરીમાં બહેનોને ૫૦% આરક્ષણ, શકિતમાન સન્માન અંતર્ગત આશાવર્કર, મીડ ડે મીલ, આંગણવાડી વર્કસને બમણો પગાર, શહેરોમાં કામ કરતી બહેનોને સાવિત્રીબાઈ ફૂલે હોસ્ટેલની સુવિધા આપવાની જાહેરાત કોંગ્રેસ ધ્વારા કરવામાં આવી છે. આ તકે જેનીબેન ઠુંમરના પ્રવાસમાં કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી (ઈન્ડીયા ગઠબંધન)નાં આગેવાનો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. જેમાં જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપભાઈ દુધાત, તાલુકા કોંગ્રેસ પ્રમુખ નરેશભાઈ દેવાણી, અશ્વિનભાઈ ધામેલીયા, દિપકભાઈ સભાયા, હાર્દિકભાઈ કાનાણી, અનકભાઈ ખુમાણ, દિલીપભાઈ લહેરી, શિવરાજભાઈ ખુમાણ, જીજ્ઞેશભાઈ બગડા, ગોરધનભાઈ રાદડીયા, વિનુભાઈ ગુણધારીયા, જેન્તીભાઈ દેસાઈ, અફલાતુનભાઈ ખુમાણ, કનુભાઈ ડોડીયા, હસુભાઈ સુચક, ધનશુખભાઈ બોદર, દેવચંદભાઈ સોડવડીયા, હરિભાઈ મહિડા, દિનેશભાઈ ગજેરા, અતુલભાઈ પટોળીયા, ચંદુભાઈ કાથરોટીયા, સુરેશભાઈ વાવીયા, ઘનશ્યામભાઈ સુહાગીયા, હરેશભાઈ રાદડીયા, અશોકભાઈ રાદડીયા, શરદભાઈ પેથાણી, પ્રવિણભાઈ બગડા, ઘનશ્યામભાઈ બગડા, ભાયાભાઈ બગડા, ગભરૂભાઈ ચાંદુ, વિપુલભાઈ ચાંદુ, અજયભાઈ બબલાભાઈ ખુમાણ, જયારે યુવાવર્ગની બહેનો પણ આ પ્રવાસ કાર્યક્રમમાં વિશાળ સંખ્યામાં જોડાયા હતા.

## બાઈકને ઓવરટેક કરવા બાબતે ડખ્ખો થયો હતો

# રાજુલા નજીક અગાઉનાં મનદુઃખનાં કારણે વેપારી ઉપર ટોળાનો હુમલો

### વેપારી અને અન્ય વ્યકિતઓને ધમકી આપી

અમરેલી, તા. ૫

રાજુલા તાલુકાના નાના રિંગણીયાળા ગામે રહેતા વનરાજભાઈ દડુભાઈ ધાખડા નામનાં વેપારીના મિત્ર ગુલમહમદભાઈએ ત્રણ મહિના પહેલા રાજુલા ગામે આગરીયા જકાતનાકા પાસે રહેતા આરોપી નકાભાઈ સામતભાઈ વાઘ ની મોટર સાયકલને પોતાની ફોરવ્હીલ વડે ઓવરટેક કરતા આરોપી સાથે ગુલમહમદને ઝઘડો થયેલ હોય. જે બાબતનું મનદુઃખ રાખી સાંજના સાડા સાત વાગ્યે વેપારી તથા ગુલમહોમદભાઈ તથા બીજા બે લોકો વેપારીની સોનલ કૃપા હોટલે બેઠા હતા. ત્યારે આરોપી અને તેની સાથેના બીજા ૧૨ અજાણ્યા ઈસમોએ એકસંપ કરી ગેરકાયદેસર મંડળી રચી હાથમાં લાકડીઓ લઈ આવી વેપારી તથા તેની સાથેના લોકોને ગાળો આપી લાકડી તથા ખુરશી વડે માર મારી મુંઢ ઈજાઓ કરી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ નોંધાઈ છે.

## છેલ્લા ૮ વર્ષથી બીમારીથી પરેશાન હતા

# અરેરાટી : લીલીયાનાં આંબા ગામનાં પ્રૌઢાએ બીમારીથી કંટાળીને ઝેરી દવા પીધી

અમરેલી, તા. ૫

લીલીયા તાલુકાના આંબા ગામે રહેતા શારદાબેન રમણીકભાઈ સાવજ નામનાં ૫૧ વર્ષિય આધેડ મહિલાને છેલ્લા આઠ વર્ષથી માનસીક બીમારીની દવા ચાલુ હોય અને બીમારીથી કંટાળી જતા ગત તા. ૩૧ના સાંજના ૪ વાગ્યે આંબા ગામે જાહેર કરનારના રહેણાંક મકાને પોતે પોતાની મેળે ઘઉંમાં નાખવાના ટીકડા પી જતાં સારવાર દરમ્યાન મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.








ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦












# વાર્તા–વૈભવ

## નજરાણું

**– ડો.ચંદ્રકાન્ત મહેતા**

કુમાર ગ્રીષ્મ નર્મદા તીરે બેઠો છે. રેતીની ઓટલી બનાર્વ છે અને ભાંગી નાખે છે. ફરી પાછો એ જ ક્રિયામાં પરોવાય છે. વચ્ચે કંટાળો દૂર કરવા નર્મદામાં નાના–મોટા કાંકરા ફેંકે છે. ભીની માટી પર પોતાનું નામ લખે છે અને ભૂંસી નાખે છે.

સૂરજ અસ્તાચળ તરફ ગતિ કરી રહ્યો છે. સૂરજને જવું ગમતું નથી. એટલે એનો ચહેરો લાલઘૂમ છે. એ ઈચ્છે કે ન ઈચ્છે, અંધારું પોતાનું સામ્રાજય જમાવવા સંપૂર્ણ તૈયારી કરી ચૂકયું છે.

નર્મદાઘાટ સૂમસામ છે. પ્રવાસીઓ પોતપોતાના ઉતારે પહોંચી ગયા છે. નદીકિનારે એકલો–અટૂલો ગ્રીષ્મ બેઠો છે.

દૂર મકકમ પગલે ચાલતા એક સંન્યાસી ગ્રીષ્મ જયાં બેઠો છે, તે તરફ આવે છે. ગ્રીષ્મ એમના આગમનને ઝાઝું મહત્વ આપતો નથી.

છેવટે સંન્યાસી તેની પાસે આવે છે અને પ્રેમાથી તેના મસ્તક પર હાથ ફેરવતાં કહે છે, ' બેટા, અંધકાર વધી રહ્યો છે. ઘરે નથી જવું ?'

'મારા એકાંતમાં ભંગ કરવાનો તમને શો અધિકાર છે ? તમે તો મોહમાયા છોડી ચૂકયા છો, પછી કોઈનીયે ચિંતા કરવાની શી જરૂર છે ? આપ આપને રસ્તે જાઓ. મને અંધકારની બીક નથી.' – ગ્રીષ્મ રૂક્ષતાપૂર્વક જવાબ આપે છે.

'હું કલ્પી શકું છું કે કે તારા અંતરને કોઈ અકથ્ય પીડા કોરી રહી છે. સંન્યસ્તનું નામ પલાયનદવાદ નથી, પણ પોતાના ઘર કે પરિવારને બદલે સર્વજહિતાય સમર્પિત થવાનો અવસર છે. બળ્યા – જળ્યાને. ઠારીએ નહીં તો સંસાત્યાગનો અર્થ શો ? તને વાંધો ન હોય તો ચાલ, મારી સાથે નજીકમાં જ મારો આશ્રમ છે.'

'એટલે આશ્રમમાં લઈ ગયા પછી મારાં મમ્મી–પપ્પાને ફોન કરશો કે તમારો પુત્ર અહીં મારાઆશ્રમમાંલામત છે. આવીને લઈ જાઓ, એમ જ ને?' ગ્રીષ્મે સંન્યસીને કહ્યું.

'ના બેટા, મારી પાસે ફોન પણ નથી ને ટીવી કે કાર પણ નથી ! એ બધાનો મોહ હોત તો સંસારમાં જ ન રહેત ? બે–ત્રણ શિષ્યો મારી સાથે રહે છે, પણ મારી રસોઈ હું જાતે જ બનાવું છું.' સંન્યાસીએ ચોખવટ કરી.

'એટલે તમે 'મોર્ડન' સાધુ નથી, એમ ને ? આજકાલ લોકો સાધુત્વ માટે ગૃહત્યાગ કરે છે અને સંસાર કરતાંય ચઢિયાતો વૈભવશાળી આશ્રમ બનાવી પોતે દેવની જેમ પૂજાય એવા અભરખા રાખે છે. ભારતનાં લોકો સહેલાઈથી તેમના પ્રત્યે આકર્ષાઈ છે, ખરું ને ?' ગ્રીષ્મે કહ્યું.

'તારું નામ શું દીકરા ?'

'ગ્રીષ્મ. ઉનાળા જેવો મારો ગરમ સ્વભાવ છે. મારી ફોઈબાએ પાડેલું નામ મેં સાર્થક કરી દેખાડવા માંડયું છે. પરિણામે...' ગ્રીષ્મ આગળ બોલતાં અટકી ગયો.

'ગ્રીષ્મ, જીવન એક કસોટી છે. એમાં કોઈને વિકલ્પ મળ તો નથી. વહાલ સમય પલટાતાં નફરતમાં પરિણમે, સ્વજનો વેરી બને, મિત્રો પણ આફતના સમયે સાથ છોડી દે, વાંકું પડતાં માતા–પિતા પણ ધિકકારે, શિક્ષકો પણ પક્ષપાત કરે અને નોકરી–ધંધામાં વિશ્વાસઘાત અને વ્યર્થ આક્ષેપ સામનો કરવો પડે, એનું નામ સંસાર સજજનોથી પણ ભરેલો છે એટલે તો ધરતી માનવજાતિનો ભાર સહન કરે છે. આમાંનું એકાદ કારણ કદાચ તને પણ લાગુ પડતું હોય.' સંન્યાસીએ કહ્યું.

'તમે તો ખરા મનોવિજ્ઞાની છો. મને ગૂંચવીને મારું મોં ખોલાવવા ઈચ્છો છો.'ગ્રીષ્મે કહ્યું.

'ના બેટા, હું તારા મુખે તારા ઘરનાં લોકોની નિંદા સાંભળવા આ બધું નથી પૂછી રહ્યો ! સાધુનું કામ દોષદર્શન નહીં પણ ગુણદર્શન છે. હું કોઈનેય સાધુ બનવાની સલાહ નથી આપતો. વૃદ્ધવસ્થામાં જયારે શરીર કામ ન કરે. ત્યારે સાધુ કે સંન્યાસી લાચાર બની જાય છે. એક સમય એવો આવે છે કે શિષ્યો પણ ગુરુસેવાને અલવિદા કહે છે. ત્યારે રિબામણી અને વેદના અસહ્ય બની જાય છે.'

'તો પછી આપે ગૃહસ્થાશ્રમનો ત્યાગ કેમ કર્યો ?' ગ્રીષ્મે જિજ્ઞાસાવશ પૂછયું.

'હવે બધું અત્યારે જ પૂછી લઈશ કે પછી ભવિષ્ય માટે કશું બાકી રાખીશ ?' તને વાંધો ન હોય તો મારી સાથે આશ્રમમાં રહે. તું કહીશ ત્યારે તારા મા–બાપને ખબર આપીશું.' સંન્યાસીએ કહ્યું.

અને ગ્રીષ્મ તેમની લાગણીથી ભીંજાઈને તેમની પાછળ ચાલવા માંડયો.

સાદો આશ્રમ, ભોંયપથારીએ બધાને સૂવાનું. ગૌશાળાની ચાર–પાંચ ગાયોની સેવા કરવાની અને ગાયોનાં દૂધનો ઉપયોગ કરવાનો. નાનકડું ખેતર. તેમાં સ્વામીજી પોતે જ હળ હાંકે, નિંદામણ કરે. સવારે દર્શનાથીઓને કથા–વાર્તા સંભળાવે, પણ દાન–દક્ષિણા, ભેટસોગાદ કે અન્ન–વસ્ત્ર કશું જ સ્વીકારવાની અને હારતોરા કરવાની તથા પગે લાગવાની મનાઈ. આશ્રમ પહોંચ્યા બાદ સ્વામી પોતાની તથા ગ્રીષ્મની રસોઈ બનાવવા ગયા, એ દરમિયાન આશ્રમવાસી શિષ્યો પાસેથી બધી જ માહિતી ગ્રીષ્મે મેળવી લીધી !

'એટલે તમે દીક્ષા લીધી છે કે આપમેળે જ સેવક બન્યા છે?' ગ્રીષ્મે પૂછયું.

'ના રે ના ! ગુરુજી કોઈને દીક્ષા આપવામાં માનતા જ નથી. એમના વ્યકિતત્વની મહાનતાથી આકર્ષાઈ એમની સેવા માટે ઈચ્છીએ ત્યારે આવીએ છીએ. એમને ઘરે જવાની મનાઈ નથી.' એક શિષ્યે કહ્યું.

'અમને લાગે છે કે તું ' ભાગેડુ' છે. ઘરના કોઈક કડવા અનુભવને કારણે ઘર છોડી પહેર્યે કપડે નીકળી પડયો છે. મારી તને સલાહ છે કે કોઈ નિર્ણય ઉતાવળે ન કરીશ.' બીજા શિષ્યે કહ્યું.

'તમે લોકો ગ્રીષ્મને બિવડાવવાની કોશિશ કેમ કરો છો ? એના અંગત જીવન વિશે કશું પૂછવાનો તેમને અધિકાર નથી. એને ઠરવા દો. એને માનસિક શાંતિની જરૂર છે. એને એકાંત જોઈએ છે. એટલે હું અને આજે એક અલગ જ રૂમમાં રાખીશ.' સન્યાસી ગુરુએ કહ્યું.

ગુરુએ તેને સાદું ભોજન કરાવ્યું અને એક પ્યાલામાં ગાયનું દૂધ આપ્યું. ગ્રીષ્મ સવારથી જ ભૂખ્યો હતો. ખિસ્સામાં એક રૂપિયો પણ નહોતો. રાત્રિભોજનથી એને શાંતિ થઈ. એ આભાર વ્યકત કરવા સ્વામી મહારાજનાં ચરણોમાં વંદન કરવાનો પ્રયત્ન કરવા લાગ્યો, પણ સ્વામીએ એને રોકયો, ' માણસ માણસને મદદરૂપ થાય, એને ઉપકાર ન કહેવાય, પણ માણસાઈ કહેવાય. આજે માણસ વ્યકિતનું ચારિત્રય ધ્યાનમાં લીધા સિવાય એના પગમાં પડે છે. જા બેટા ! તારા રૂમમાં પાણીનો કુંજો અને પથારી તૈયાર છે. સવારે મળીશું. હું સવારે સાડા છ વાગ્યે નર્મદાએ સ્નાન કરવા જાઉં છું. તને ગમે તો તું મારી સાથે આવી શકે છે. ' કહી સંન્યાસી પોતાના શયનખંડમાં ચાલ્યા ગયા.

પોતાની રૂમમાં ગ્રીષ્મ એકલો છે. અનાયાસ એની આંખમાંથી અશ્રુધારા વહે છે. એ પાણી પીને સ્વસ્થ થવાની કોશિશ કરે છે.

**(ક્રમશઃ) આવતા અંકમાં પ્રસિધ્ધ થશે...**


**વાર્તાકાર મિત્રોને પોતાની ટૂંકી વાર્તા, ટૂંકો પરિચય તથા પાસપોર્ટ ફોટા સંપાદકને મોકલી આપે તેવી વિનંતી – સંપાદક : રવજીભાઇ કાચા.**




# અમરેલીનો પાણીપ્રશ્ર

સૌરાષ્ટ્રમાં ઘણે ઠેકાણે પીવાના પાણી મેળવવાની મુશ્કેલી છે. એ પ્રમાણે અમરેલીમાં પાણી અંગેની ખેંચ છે. અમરેલી શહેર એ અમરેલી જીલ્લાનું મુખ્ય મથક છે, અને પ્રમાણમાં ઠીક ઠીક કહી શકાય તેવી વસ્તી છે એટલે મુશ્કેલીમાં વધારો દેખાય એ સ્પષ્ટ છે. આમ તો અમરેલી શહેર વડી નદી ઠેબી નદીના વસેલું છે પરંતુ બન્ને નદીનો સ્ત્રાવ પ્રદેશ અત્યંત ટૂંકો હોઈ આવેલ પાણીનો પ્રવાહ વેગવાન હોય છે જેથી તેમાં વહેતું જળ તુર્ત જ શેત્રુંજી નદીમાં વહી જાય છે. માણસોની જરૂરીયાત ઉપરાંત પાલતું ઢોરની પણ સરખામણીમાં વિપુલતા છે. શહેરમાં પાણીનો વધુ પડતો ઉપાડ કરી લે તેવા કોઈ ઉધોગ નથી. પાણીનો ઉપયોગ માત્ર દૈનિક જીવનમાં વાપરવા અને પીવા માટે જ લેવાય છે. આ પૂર્વ ભૂમિકાના અનુસંધાનમાં આપણે સમગ્ર ચિત્ર તપાસીએ.

લગભગ ઈ.સ. ૧૯૪૮ પહેલાં શહેરની નજીક આવેલ તારવાડી નામની જગામાં મોટો કૂવો હતો–જયાંથી નાની ટાંકીમાં મશીન દ્વારા પાણી સીંચાતું અને ત્યાંથી જ લોકો પાણી પોતાના સાધનો દ્વારા ભરતાં. ઘેર ઘેર નળ નહોતા કે શહેરમાં પાણી ભરવા માટેના સ્ટેન્ડ પોસ્ટ પણ હતા નહિ. તારવાડીનાં કૂવા ઉપર સમગ્ર ગામના પાણીનો આધાર લેવો પડતો. જો કે



ભાતીગળ સૌરાષ્ટ્ર

સમગ્ર ગામના પાણીનો આધાર લેવો પડતો. જો કે ગામમાં આ સિવાય જુદા જુદા સ્થાને સાધારણથી મોટી સાઈઝના કૂવા હતા ખરા આ બધા કૂવા આશરે ઈ.સ. ૧૯૪૬માં ભંયકર કોલેરા થયો તે અગમ્ય કારણોસર ગામના કૂવા લગભગ પૂરાઈ ગયા અથવા પૂરી નાખવામાં આવ્યા. ડો. જીવરાજભાઈ મહેતાને આ બધી વાતની માહિતી હતી. તેથી સહુ પ્રથમ અમરેલીથી આશરે ૪–કિલોમીટર દૂર આવેલા વરૂડી ગામમાં અદ્યતન વોટર વર્કસની સ્થાપના કરી કૂવા ખોદાવી મોટી ટાંકી બનાવી શહેરમાં પાઈપ દ્વારા પાણી પહોંચતું કરવાના સઘન અને સફળ પ્રયત્ન કર્યા. વરૂડીના કૂવા લાંબો વખત પાણી પૂરૂ પાડી શકયા નહિં એટલે આ અંગેના જે જે ખર્ચા થયા તે નગરપાલિકાએ ભોગવવાનાં જ રહ્યા અને તે વખતના પ્રમાણમાં નગર પાલિકા કોઈ સઘન આવક મેળવી શકી નહિ. આ યોજના પડતી મુકવી પડી. પાણીની ખેંચ તો હતી જ અને અમરેલીને જીલ્લા તરીકે જાહેર કરાતાં વસ્તીનો વધારો પણ આસપાસના ગામડામાંથી ઘસારો થયાં વધવા લાગ્યો એટલે પાણી માટે અન્ય યોજના વિચારવી પડી. અમરેલીથી આશરે ૧૦ કિલોમીટરને અંતરે આવેલા ગાવડકાં ગામે અદ્યતન કૂવાનું ખોદકામ કરી શેત્રુંજી નદીના પટ પાસે વોટર વર્કસ બંધાયું. જમીનમાં મોટો હોજ–સંપ બાંધી મોટરો દ્વારા પાઈપ લાઈનથી અમરેલી શહેરને પહોંચાડવામાં આવ્યું. **(ક્રમશઃ)**

# ૧૧ – સરદારસિંહ રાણા

**જન્મ : ૧૦ એપ્રીલ, ૧૮૭૦**
**મહાપ્રયાણ : ૨૫ મે, ૧૯૫૭**

માતૃભૂમિની મુકિત કાજે તન, મન અને ધન સમર્પિત કરી દેનારા ક્રાંતિકારી સરદારસિંહ રાણા સુરેન્દ્રનગર જિલ્લાના લીંબડી પાસેના કંથારિયા વતની હતા. તેમનો જન્મ ૧૦મી એપ્રિલ, ૧૮૭૦ ના રોજ થયો હતો. રાજકોટની આલ્ફ્રેડ હાઈસ્કૂલમાં તેઓ ગાંધીજીના સહાધ્યાયી હતા. પછીથી મુંબઈની એલ્ફિન્સ્ટન અને પૂણેની ફર્ગ્યુસન કોલેજમાં અભ્યાસ કરીને લીંબડીના રાજવીની મદદથી બાર એટલો થવા ઈંગ્લેન્ડ જઈને તેઓ વકીલ થવાને બદલે હીરાના પારખુ બન્યા. હીરા–ઝવેરાતના ધંધામાં તેમણે જમાવટ કરી. શ્યામજી કૃષ્ણ વર્માના સંપર્કમાં આવતાં તેઓ ક્રાંતિના રંગે રંગાયા. ઈન્ડિયા હાઉસની સ્થાપનામાં શ્યામજીની સાથે જ રહ્યા. પછીથી પોલેન્ડ, તુર્કસ્તાન જઈ બોમ્બ બનાવવાની પદ્ધતિ તેમણે સેનાપતિ બાપટ અને મિર્ઝા અબ્બાસને શીખવી ભારત મોકલ્યા. તે પછી બ્રિટિશ શાસન વિસ્ફોટથી ધ્રૂજી ઊઠયું. લંડનમાં મદનલાલ ધીંગરાએ કર્ઝન વાયલીની હત્યા કરી એ પિસ્તોલ પણ સરદારસિંહ રાણાની હતી. ૧૯૦૭માં જર્મની ખાતે દ્વિતીય આંતરરાષ્ટ્રીય સમાજવાદી



કોંગ્રેસ મળી તેમાં તેમણે મેડમ કામા સાથે ભારતનું પ્રતિનિધિત્વ કર્યુ. તેમના આગ્રહથી જ મેડમ કામાએ ભારતીય સ્વતંત્રતાનો ધ્વજ પહેલીવાર વિદેશની ધરતી પર લહેરાવ્યો. તેઓ હવે બ્રિટિશ સરકારની આંખે ચડી ગઈ ગયા. તેમના નામનું વોરંટ નીકળ્યું. પરંતુ ફ્રેન્ચ નાગરિકત્વ ધરાવતા હોવાથી પકડી ન શકાયા.પ્રથમ વિશ્વયુદ્ધમાં ફ્રાંસ અને ઈંગ્લેન્ડ મિત્ર બની ગયા.

સરદારસિંહની ધરપકડ થઈ અને પનામા પાસેના માર્ટેનિક ટાપુ પર દેશનિકાલ કરાયા. તેમની મિલકત પણ જપ્ત કરાઈ. જીવનનિર્વાહ કરવા તેમણે ઢોર ચરાવ્યા. પાછા ફ્રાંસ આવીને ઝવેરાતનો ધંધો સંભાળ્યો. બીજું વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યું. નાઝીઓ ફ્રાન્સમાં પ્રવેશ્યા ત્યારે નાઝીઓને મદદ કરવાનો ઈનકાર કરતાં જર્મન કોન્સન્ટ્રેશન કેમ્પમાં કેદ થયા. સુભાષચંદ્ર બોઝ જર્મની આવ્યા ત્યારે એમણે પહેલું કામ સરદારસિંહને છોડાવવાનું કર્યુ. ફ્રેન્ચ સરકારે તેમની આ નિષ્ઠાથી કદર કરી તેમને ફ્રેન્ચ લિજિયન ઓફ ઓનરનું પ્રતિષ્ઠિત સન્માન આપ્યું. વિદેશમાં આટલી વ્યસ્તતા વચ્ચે પણ તેમનો દેશવાસીઓ સાથે સંપર્ક જીવંત હતો. વર્ષો બાદ સ્વદેશ આવ્યા ત્યારે સુદામા સમા મિત્ર ગાંધીજીને મળવાનું ન ભૂલ્યા. ૧૯૪૭માં દેશ સ્વતંત્ર થયો. તેના થોડા સમય પછી તેમના પર પક્ષાઘાતનો હુમલો થયો. ૧૯૫૦ થી તેઓ કાયમને માટે સ્વદેશ આવતા રહ્યા. સ્વાસ્થય ન સુધર્યુ. વેરાવળના દરિયાકિનારે હવાફેર કરવા ગયા ત્યાં જ તારીખ ૨૫ મે, ૧૯૫૭ ના રોજ તેમનું નિધન થયું.




# ૨૭ બાળકોના બીજા માબાપ – ઓસડિયાં

શિશુવંદના

**– ગિજુભાઈ ભરાડ**

પાછલી પેઢીના લગભગ તમામ લોકો બાળપણમાં વિવિધ પ્રકારના ઓસડિયાં પી ને મોટા થયા છે અને એમના શરીરિ સ્વાથ્યમાં એ ઓસડિયાંની ચમક સાંઈઠ–સિતેર કે એંશી વર્ષે પણ ઝાંખી થતી નથી. બાળકનો જન્મ થાય ત્યારથી શરૂ કરીને લગભગ દર વર્ષ સુધી સૌરાષ્ટ્રની માતાઓ પોતાના બાળકોને વિવિધ પ્રકારના ઓસડિયાં પીવડાવતી રહેતી. આ જવાબદારી મુખ્યત્વે ઘરમાં રહેલા દાદીમાં જ નિભાવતા. એટલે જ આપણે ત્યાં પ્રસૂતા સ્ત્રી માટે દાદીમાનું વૈદું જાણીતું છે. એક તરફથી માતાને વિવિધ પ્રકારના પાક ખવરાવી શરીર સમૃદ્ધ બનાવવી અને બીજી તરફ એના બાળકને પૂરતા પ્રમાણભાન સાથેના યોગ્ય સમયે અને વયે ઓસડિયાં પીવડાવવા એ કામ આપણા માડીઓએ અદભુત રીત નિભાવ્યું છે. હવે તો નવી પેઢીની સાસુઓ અસ્તિત્વમાં આવવા લાગી છે અને એની સમજણ અને આ વનવગડાનાં ઓસડિયાં વચ્ચે ઘણું અંતર પડી ગયું છે. બાળકને નાનપણથીજ ઓસડીયાંને બદલે વિવિધ પ્રવાહી ટોનિક અને દવાઓના રવાડે ચડાવનારી આધુનિક માતાઓ તેના બાળકના શરીર સ્વાસ્થ્યનું ખરેખર તો અહિત જ કરે છે. બાળઆરોગ્ય માટે આયુવૈદિક વનસ્પતિઓ અને ઔષધિઓ એ જ સાચું અમૃત છે.

# ૧૪ – પરીરાણીના દેશમાં

રોજ રાત્રે સૂતી વખતે જાન્વી વિચારતી કે, 'પરીઓનો દેશ કેવો હશે ? પરીનો દેશ જોવવા મળે તો કેવી મજા આવી જાય ?' અને ખરેખર એક વખત પરી આવીને જાન્વીને તેના દેશમાં લઈ ગઈ.

પરીના દેશમાં પહોંચીને તે તો અચંબિત થઈ ગઈ. ઠેર–ઠેર ફૂલોના બગીચા, ચોપાસ વહેતાં ઝરણાં, મોટી મોટી અને લાંબી શુદ્ધ નદીઓ, ઘટાદાર જંગલો અને તેમાં બીક વગર વિહરતાં પ્રાણીઓ, સસલા સાથે રમવામાં તો તેને ખૂબ મજા આવી. રંગબેરંગી અને જાતજાતના કલરવ કરતાં પંખીઓ. બધી જગયા નયન મનોરમ્ય અને ચોખ્ખી. પરીનો દેશ જાન્વીને એટલો ગમી ગયો કે ન પૂછો વાત : પરી જાન્વીને કહે કે, 'મને તારો દેશ નહીં દેખાડે ? બધા ભારતનાં બહુ વખાણ કરે છે, મારે તારો દેશ જોવો છે.'' હા...હા...ચોકકસ. તમે મારો દેશ જોવા આવો. મારા દેશમાં ઘણાં જોવા લાયક સ્થળો છે. હું તમને બધાં બતાવીશ .' જાન્વી ઉત્સાહથી બોલી.


અને સાથે જ પરી અને જાન્વી પૃથ્વી પર આવી પહોંચ્યાં પણ આ શું ? પરીને સીધો જ આંચકો લાગ્યો પરી કહે, 'હજુ પણ અમુક લોકો શૈચક્રિયા ખુલ્લામાં જ કરે છે ? એ તો ખૂબ ગંદી આદત કહેવાય' જાન્વી બિચારી શો જવાબ આપે ?

'હાલો હું તમને અમારી




ગંગા નદી બતાવું તે તમને ખૂબ જ ગમશે.' જાન્વી ફરી ઉત્સાહથી બોલી.'ગંગાનદી તો અમારા સ્વર્ગની નદી છે. હું એમાં જ સ્નાન કરીશ.' પરી બોલી.ગંગાનદીમાં જેવી પરીએ ડૂબકી મારી તેવી તરત જ તે બહાર નીકળી ગઈ. 'પાણી તો ગંદુ છે. અમારી નદીના તમે કેવા બેહાલ કરી નાખ્યા ?' તે બોલી ઉઠી 'હાલો હવે હું તમને તાજમહેલ દેખાડું, તે ખૂબ જ પ્રસિદ્ધ છે.' જાન્વી બોલી. તાજમહેલ જોવા પરી અને જાન્વી દિલ્હી ઉપરથી ઊડતા હતાં ત્યાં પરી બોલી ઊઠી, 'મારાથી શ્વાસ નથી લેવાતો, મને મૂંઝારો થાય છે. કારખાનાના ધુમાડાનું કેટલું બધું પ્રદૂષણ છે ?' માંડ માંડ તે આગ્રા પહોંચ્યાં. **(ક્રમશ :)**





**બાલમિત્રો,**

તમારૂ શૈક્ષણિક વર્ષ પુરૂ થયું. વાર્ષિક પરીક્ષા શરૂ થઈ ગઈ છે. તેમે હોશિયાર, બુદ્ધિશાળી, જ્ઞાનિ છો. એટલે પરીક્ષાનું ભારણ તમને ન હોય એ સ્વાભાવિત છે. બાળકો આખું વર્ષ વર્ગમાં ધ્યાન નથી ભણ્યા હોય, બેસન કર્યુ હોય, વાંચન કર્યુ હોય એને કેવું બોદલેશન ? અને તો પરીક્ષા રમતવાત જ હોય. મને વિશ્વાસ છે તે બાળ એકસપ્રેસનાં પ્યારા બાળકો આનંદથી પરીક્ષા અપાતા હશે.

બાળમિત્રો, આ પરીક્ષા ભલે પ્રા.શાળાની હોય, કદાચ તમારે મન એનું મહત્વ ન હોય સ્પે સ્વાભાવિક છે. પણ તમારે એ ન ભુલવું જોઈએ કે પ્રાથમિક શાળાનું મહત્વજ જીવનમાં અગત્યનું છે. અહિથી જ તમારે આગળ વધવું છે. મોટા માણસ બનવાનું છે. ખુબ અભ્યાસ કરી હોશિયાર બની દેશનાં ઉદ્ધાર કરવાનો છે. પરિવારનું શ્રેય કરવાનું છે. તમારી માતૃશાળાનું નામ ઉજજવળ કરવાનું છે. બોલો કરશોને ?

# પ્રવાસ વર્ણન–કડેચા શ્રૃતિ ધો.૯, દીપક હાઈસ્કુલ

અમારી શાળામાં અક પ્રવાસમાં જવાની યોજના થય હતી. એમાં હું મારી સરખી અમે બધા પ્રવાસ માં જવાની યોજના થઈ અને અમારી શાળાના ઘણા વિધયાર્થીઆ એ પ્રવાસમાં ભાગ લીધો.

અમારો પ્રવાસ પ્રણ દિવસનો હતો તે પ્રણ દિવસના પ્રવાસમાં ધાણા સ્થળે જવાનું હતું. ત્યારબાદ અમારા શિક્ષણ અમારા વર્ગમાં આવીને કહ્યું અને સૂચનાઓ આપી. કે શું–શું પ્રવાસમાં લાવવાનું અને ત્યાં આપણે સ્થિતીમાં રહેવાનું આવી અમને અમારા શિક્ષકે સૂચનાઓ આપી. ત્યારબાદ અમે અમારા ઘરે જઈને અમારા વાલીને કહયું. અને તેમની પરવાનગી માંગી આ રીતે અમારા વાલીએ અમને પ્રવાસમાં આવવાની પરવાનગી પણ આપી દીધી. પછી અમે બધાએ પ્રવાસની ત્યારી કઈ બધા કપડાં ભર્યા અને થોડો શૂકો નાસ્તો ને આવી રીતના પ્રવાસમાં જવાની ત્યારે અમે બધાએ કરી.

એમાં ઘણા બધા સ્થળો પણ હતા. જેમકે સોમનાથ ,કચ્છ,અંબાજી જેવા ઘણા સ્થળોએ અમારે જવાનું હતું. અમે બધાએ પ્રવાસમાં બસમાં જવાનું હતું સાંજે પાંચ વાગ્યે અમારે જવાનું હતું. અમે બધા અમારો સમાન લયને આવી ગયા. અમારી શાળાએ અમારી શાળથી બસજવાની હતી. અને બધા અક શાથે પ્રવાશ માં ગયા.

અમે બધાએ ખૂબ જ મજા આવી અમે બધા ત્યાં ઘણા ગીતો ગાયા અને અમે બધા પોયપોતાનો ગમતો વિષેય બધાને બતાવ્યો. અમને ખૂબજ મજા માણી બધાએ ઘણી બધી વાતો કરી. બધા અલગ – અલગ સ્થળે ફરિયા સાથે જમયું અને અમને ખૂબજ મજા આવી હતી. અમે ગણી રમતો પણ રમી હતી. અમારા શિક્ષકોને પણ અમારી સાથે ખૂબજ મજા આવી. આવી રીતના અમે અમારો પ્રવાસ માણ્યો હતો. આ પ્રવાસ ઘણા બધા સ્થળે દર્શન ખૂબ સુંદર–સુંદર મંદિરો હતા. અને ત્યાં અમને દર્શન કરવાની પણ ખૂબજ મજા આવી. ત્યાર બાદ ત્રણ દિવસ સાથે રહયા સાથે નાસ્તો કર્યો સાથે રમયા સાથેજ બધુકામ પણ કર્યા અમને બધા શિક્ષકો સાથે ખૂબ મજા આવી. અમારા શિક્ષકોને ખૂબજ ગમ્યું અને અમને પણ ખુબજ મજા આવી. અમે બધાએ છેલ્લા દિવસે ગરબા પણ રમ્યા. અને ફરી પાછા બસ માપન બેઠા બધી જગ્યાએ અમે અમારી શાળા તરફ જવા નીકળી પડયા અને ત્યારબાદ અમે અમારા માતા – પિતા સાથે અમારા ઘરે જતાં રહયા. આ રીતના અમારો પ્રકાસ હતો. અમને ખુબજ મજા આવી. અને બધાને પણ ખૂબજ મજા આવી જો તમને પણ માકામલે તો તમારે પણ ચોક્કસથી સાથેજ જવું. આપડે આવી બધામાં હંમેશા ભાગ લેવો જોઈએ.

ચાલો ,ચાલો આપડે જઈએ પ્રવાસમાં, આભાર...

# ઈમાનદારીનું ઈનામ

એક છોકરો હતો. તેનું નામ ગટટુ હતું. તેને તેના મમ્મી હંમેશા ઈમાનદાર રહેવાનું સીખવાડતા ગટટુને તેના મમ્મી હંમેશા કહેતાં કે "બેટા તું કદી કોઈના પૈસા કે કોઈના ઘરે ચોરી ન કરતો, તારી પાસે જે છે તેમાં સંતોષ રાખજે."

એકવાર ગટટુ તેના મિત્ર સાથે શાળાએથી આવતો હતો. ત્યારે તેને તેનો મિત્ર એ પૈસા રાખવાનું કહે છે. પરંતુ ગટટુ ઘરે જઈને મમ્મીને બધી વાત કહે છે કે મમ્મી આજે શાળાએથી આવતી વખતે મને રસ્તામાં પૈસા મળ્યા છે આ પૈસાનું હું શું કરું ? ત્યારે તેના મમ્મીએ તેને કહયું કે બેટા આ પૈસાને તુ પોલીસને આપી આવ એ એના માલિકને જરૂર ગોતી આપશે. બીજે દિવસે ગટટુ તેના મમ્મીના કહેવા પ્રમાણે એ પૈસા પોલિસને આપે છે, અને સ્કૂલે ચાલ્યો જાય છે. ફરી એકવાર સ્કુલેથી આવતી વખતે ગટટુને એક પાકીટ મળે છે. ગટટુ એ પાકીટને પોલીસને આપવા ચાલ્યો જાય છે. બીજે દિવસે સવારે એ પોલીસ ગટટુના ઘરે આવે છે અને કહે છે કે બેટા આ સાહેબ એ પાકિટ અને પૈસાના માલિક છે. આ સાહેબ તો બસ તારી ઈમાનદારીની પરીક્ષા કરતાં હતાં, અને તું તેમની ઈમાનદારીની પરીક્ષામાં ખુબ જ સરસ રીતે સફળ થયો છે. ગટટુ સુંદર મજાનો જવાબ આપતાં કહે છે કાકા આ સફળતા પાછળ મારા માતા–પિતાનો હાથ છે કારણ કે, તેમણે મને જ ઈમાનદાર વ્યકિત બનવાની શીખ આપી છે. ત્યારે પોલીસ સાથે આવેલ સાહેબ કહે છે કે બેટા આ પૈસા રાખી લે. ત્યારે ગટટુ બોલે છે કે આ પૈસા હું ન રાખી શકું મારી મમ્મી મને હંમેશા કહે છે કે બીજાના પૈસા ન રાખવા જોઈએ ત્યારે સાહેબ કહે છે આ પૈસા રાખી લે તારી ઈમાનદારીનું ઈનામ છે. સાહેબના કહેવાથી તે પૈસા ગટટુ રાખી લે છે. બોધ : આપણે હંમેશા ઈમાનદારીના પૈસા રાખવા જોઈએ. બાકી ખોટા પૈસા તો બીમારીની સારવારમાં થાય છે.

**નામ : મહેતા ધૈર્ય કમલેશભાઈ,ધોરણ : ૯ ,શાળા : દીપક હાઈસ્કૂલ**

# પ્રશ્ન

૧.પૃથ્વી પર કેટલા મહાસગરો છે. અને કયા–કયા એના નામ કહો ?
(ચાર) ૧. પેસેફિક(પ્રશાંત)મહાસાગર
૨.અટલેન્ટીક મહાસાગર
૩. હિન્દ મહાસાગર
૪. આર્કેટીક મહાસાગર

૨. કયો મહાસાગર સેથી મોટો અને ઊંડો મહાસાગર છે ?
– પેસેફિક

૩. કયો મહાસાગર સેથી નાનો છે ?
– આર્કેટીક

૪. પૃથ્વી પર કેટલા ખંડો છે. અને કયા–કયા એના નામ કહો ?
– (સાત) ૧. એસિયા
૨. યુરોપ,૩. ઓસ્ટ્રેલીયા , ૪. ઉતર અમેરિકા, ૫. દક્ષિણ અમેરિકા, ૬. આફ્રિકા, ૭. એન્ટાર્કટીકા,

૫. સેથી મોટો ખંડ કયો છે. ?
– એશિયા

૬. કયો ખંડ સેથી નાનો છે. ?
– ઓસ્ટ્રેલીયા

૭. આપનો દેશ કયા ખંડ માં આવેલો છે ? **– એશિયા**

૮. પૃથ્વીના કેટલા ટકા ભાગ પર પાણી છે ? **– ૭૧ ટકા**

**સુર્યાંશી શેખવા ,ધો.૪,રૂપાયતન પ્રા. શાળા**

# કેવું સુંદર પક્ષી છે !

કોમન ગ્રીન – l સુંદર, આબેહૂબ પ્લમેજ અને



આહારમાં મુખ્યત્વે અન્ય પક્ષીઓના ઈંડા, તાજા જન્મેલાં બચ્ચાં, નાના સરિસૃપો વગેરે આરોગતાં જોવા મળે છે.

આ પક્ષીઓ સ્થાયી પ્રજાતિઓ માનવામાં આવે છે, તેઓ શિયાળા દરમિયાન મેગપાઈની અન્ય પ્રજાતીઓની જેમ સ્થળાંતર કરતાં નથી.

તે ઉચાં વૃક્ષો, મોટી ઝાડીઓ અથવા જમીનથી ઊંચા વેલાના ગંઠાયેલા સમૂહમાં તેમનો માળો બાંધે છે કે જયાં અન્ય શિકારી ન પહોંચી શકે. આ પક્ષીઓ ચાર થી છ ઈંડા મૂકતાં હોવાનું જાણવા મળે છે.

તેમનો રંગબેરંગી મેગપાઈ એ કાગડા પરિવારનું સભ્ય છે. આ પક્ષીઓ ચળકતા લીલા રંગ સાથે ચાંચથી આંખો તથા માથા સુધી પાછળ કાળી પટીમાં દશયમાન થાય છે. તેમની પૂંછડી અને આંખના પીછાં સફેદ રંગના હોય છે, જે જયારે ફેલાય છે ત્યારે એક સુંદર પેટર્ન બનાવે છે. ચાંચ અને પગ લાલ નારંગી રંગના મિશ્ર દેખાય છે.



આ પક્ષીઓ મુખ્યત્વે ઉતરપૂર્વ ભારત, નેપાળ, ભૂટાન, મધ્ય થાઈલેન્ડ, મલેશિયા, સુમાત્રા અને બોર્નિયોમાં જોવા મળતાં હોવાનું જાણવા મળે છે.


આ પક્ષીઓ તેમના ચહેરાની વિશિષ્ટ પેટર્નસ માટે જાણીતાં છે, જે તેમના દેખાવને આકર્ષક બનાવે છે.

ગ્રીન – મેગપાઈ એ માંસાહારી પક્ષી છે. તેથી તીક્ષ્ણ ચાંચ વડે શિકારને પકડી આરોગી શકે છે. દેખાવ હોવા છતાં આ પક્ષીઓ જંગલના પાંદડાં વચ્ચે જોવામાં ખૂબ જ મુશ્કેલ છે, તેઓ માત્ર ત્યારે જ દેખાય છે જયારે તેઓ એક ઝાડથી બીજા ઝાડ પર ઊડીને જાય છે.

# આપેલ ચિત્રમાં મનગમતાં રંગો પૂરો



# પૂ. ડોંગરેજી મહારાજની અમૃતવાણી



## શ્રીમદ્ ભાગવત મહાત્મ્ય

(૧) કયો પ્રદેશ 'આર્યવર્ત' નામે ઓળખાય છે ? – બ્રહપુત્રાનો પ્રદેશ
(૨) સિધું સંસ્કૃતિ ધરાવતા ગામોના લોકો કઈ ધાતુના પયોગથી અજાણ હતા ? – લોખંડ
(૩) આર્યોએ સૌપ્રથમ કયા વેદની રચના કરી હતી ? – ઋગ્વેદ
(૪) 'વેદાંત' તરીકે કોને ઓળખવામાં આવે છે ? – ઉપનિષદો
(૫) કયા ગ્રંથની વેદાંતમાં ગણના થતી નથી ? – શ્રોતસુત્ર અને ધર્મસુત્ર
(૬) દર્શનગ્રંથોમાં કોનો સમાવેશ થતો નથી ? – આયુર્વેદ અને ધનુર્વેદ
(૭) પુરાણોની મુળ સંખ્યાકેટલી છે ? – અઢાર
(૮) રામાયણ રચયિતા કોણ હતા ? – વાલ્મીકિ
(૯) મહાભારતના રચયિતા કોણ હતા ? – વ્યાસમુનિ
(૧૦) માણસના મુત્યુ પછી કેટલાક લોકો કયા પુરાણનું વાચન કરે છે ? – ગરૂડપુરાણ

# જ્ઞાનમંજરી

## ભારતનાં મહત્વનાં સ્થળો

૧ – પ્રભુભજન કરતાં મન વિષયોમાં ન જાય એટલે માનવું કે સુરુચિ આવી છે.
૨ – અતિશયપણે સ્ત્રીને આધીન રહેવું એ પાપ છે.
૩ – દેહમાં અનેક લોકોનું પુણ્ય ભેગું થાય તો છોકરો ઉદાર બને છે.
૪ – માતા સુનીતિ હોય તો બાળકને હજાર શિક્ષકો કરતાં પણ વધારે ભણાવી શકે છે.
૫ – જીવ માત્રના સાચા મિત્ર નારાયણ છે.
૬ – પરમાત્માને પેમથી પોકારો એટલે તે દોડતા આવે.
૭ – સુનીતિ જેના ઘરમાં હોય છે તેના ઘરમાં કળી જાય નહીં.
૮ – સ્વભાવ જલદી સુધરતો નથી. સત્કર્મનું પુણ્ય અતિશય ન વધે ત્યાં સુધી સ્વભાવ સુધરશે નહીં.
૯ – સિનેમા જોવાથી આંખ બગડે, અને અંતે જીવન બગડે છે. પૈસા ખર્ચીને અંધારામાં બેસવું તે અજ્ઞાન છે.
૧૦ – સિનેમામાં બાળકને મોકલનાર મા બાળકની માતા નથી પણ શત્રુ છે.

# ઝળહળ ઝાકળ

લેખક : પ્રો. ડો. મહેન્દ્ર છત્રારા

## દિવ્ય સ્મરણોનું અદભૂત સ્મારક


આપણે ઘરની દીવાલ પર ભગવાનના કે સ્વજનોના ફોટા રાખીએ છીએ તે માત્ર શોભા માટે નહીં, પરંતુ રોજ સવારે તેના દર્શન – વંદન કરી, તેમના અર્પેલા આદર્શોનું સ્મરણ કરીએ છીએ. તેમના આપણા પરના અગણિત ઉપકરોતનું કૃતજ્ઞભાવે ચિંતન કરીએ છીએ. દુઃખ વેળાએ દિલાસો અને સુખ સમયે શાંતિ પ્રાપ્ત કરીએ છીએ.

ફોટો તો સ્થુળ સ્વરૂપ છે.સુક્ષ્મ સ્વરૂપે પણ સ્વજનોના શુભાશિષ અંતરીક્ષામાંથી અવરતરતા જ રહે છે.

સ્મરણ એ જ સાચું સ્મારક.

## ૧ હાથીભાઈ માંદા પડયા

એક જંગલ હતું. તેમાં ચીકુ, દાડ મ, આંબો, કેળ, જમરૂખ, સીતાફળ, પોપૈયાનાં સરસ મજાનાં ઝાડ હતાં. જંગલમાં નાનું એવું તળાવ હતું. તળાવમાં સિહ, વાઘ, દીપડો, ચિતો, હરણ અને હાથી



પાણી પીવા આવતાં હતાં. એક વાર શહેરનાં માણસો જંગલમાં ફરવા આવ્યાં હતાં. જંગલનાં સરસ મજાનાં




ઝાડની ડાળીઓ તોડી નાખતાં હતાં. જમ્યા પછી વધારાનો એઠવાડ તળાવમાં નાખતાં હતાં. છોકરાઓ જંગલનો આનંદ લેવાના બદલે તળાવને ગંદુ કરતાં હતાં. તળાવના પાણીને દુષિત બનાવી દીધું. હાથીભાઈએ તળાવનું ગંદું પાણી પીધું ને માંદા પડી ગયા. તેનાં બધાં સાથી પ્રાણીમિત્રોને ચિંતા થવા માંડી હતી. સિહ, વાઘ, દીપડા, બધાં મળી હાથીભાઈને માંડ માંડ સાજા કર્યા હતા.

**૨ પ્રકૃતિપ્રેમી રાજકુમાર**

મોટું નગર હતું. નગરમાં રાજાનો વિશાળ મહેલ હતો. મહેલમાં રંગીન ફુવારા, બગીચા હતાં. દાસ–દાસીઓ રાજારાણીની સેવા કરતાં હતાં. રાજા–રાણીને સંતાનમાં એક રાજકુમાર હતો. રાજકુમાર અઢાર વર્ષનો યુવાન થઈ ગયો હતો. રાજા–રાણી તેને ખૂબ લાડ લડાવતાં હતાં. રાજકુમાર ભણવામાં ચતુર હતો. તેને સંગીત સાંભળવું બહુ ગમતું હતું. તે ચિત્રો પણ સરસ દોરતો હતો. એક દિવસ રાજાએ રાજકુમારનાં હાથમાં બંદૂક આપી અને કહ્યું : 'હું તને બંદૂક ફોડતા શિખવાડું. રાજાએ રાજકુમારને બંદૂક ચલાવતા શિખવાડી અને રાજકુમારને જંગલમાં શિકાર કરવા મોકલ્યો. જંગલની સુંદરતા, પશુ–પંખીની દોડાદોડી જોઈ રાજકુમાર ખુશ થઈ ગયો. તેણે વિચાર્યુ : 'પશુ–પંખીમાં પણ જીવ છે. તેનો શિકાર કરીને મારે શું મેળવવું છે ?' તે શિકાર કર્યા વિના ઘેર પાછો આવી ગયો.

# યોગશાસ્ત્ર - યોગાચાર્ય


નવી વાત સાંભળવાની ઈચ્છા
તેને સાંભળવી,તેને યાદ રાખવી,
સાંભળેલી વસ્તુને આધારે
તેવી બીજી બાબતોનો વિતર્ક કરવો. વિરુદ્ધ બાબતોને દલીલોથી દૂર કરવી પદાર્થોનું સંશયરહિત જ્ઞાન પ્રાપ્ત કરવું
અને તત્વનિર્ણય કરવો એ
બુદ્ધિના આઠ ગુણો છે. આપણું પર ગોકુળિયું બની રહે, આપનાં પુત્ર–પુત્રવધૂઓ આપનો પૂરો માન–મરતબો જાળવે અને આપની રૂડી સેવા કરે એમ ઈચ્છતા હો તો ઘરના સૌ સાથે વ્યવહારદક્ષતાથી વર્તજો, સ્વભાવની કોઈ વિચિત્રતા હોય તો, કાળજીપૂર્વક દૂર કરી દેજો, પુત્રને મિત્ર ગણી દુરાગ્રહ છોડજો ને પુત્રવધુને પત્રી જેવું વહાલ દેજો. આપની પુત્રી છે એ ગણજો. કારણ કે, પુત્રી તો સાસરે મોકલ્યા પછી આપની ખબર–અંતર લેવા કયારેક જ આવી શકવાની છે જયારે આપની પુત્રવધૂ તો આપના જીવનની સમાપ્તિ સુધી ખબર–અંતર લેતી જ રહેવાની છે એટલે એના પ્રત્યે પૂરેપૂરો વાત્સલ્યભાવ વરસાવજો અને એના હદયમાં સેવાભાવ જગાડજો.
**– નિમિતમાત્ર**

**ટેલીવિઝન** ભવ્ય વ્યકિતત્વ ધરાવતા મહાન પુરુષોને એકાંતનો ડર જરાય હોતો નથી. પ્રત્યેક સર્જક અને શોધક એકાંતનું મહત્વ પીછાને છે. 'ન્યુયોર્ક ટાઈમ્સ' માં આવેલી એક મુલાકાત અહીં ટાંકું તો તે અત્યંત રસપ્રદ થઈ પડશે.

એક વાર એક પત્રકારે ટેલીવિઝન ઉપર સ્ક્રીપ્ટ લખવા માટે અઠવાડિયે સાતેક હજારનો દરમાયો મેળવતા એક મહત્વના લેખકની મુલાકાત લીધી. લેખકે પોતાની લેખનકળા વિષે, લોકોની રુચિઅરુચિ વિષે ઘણી વાતો કરી. અંત પત્રકારે એક પ્રશ્ન પૂછયો : 'તમે ઘરમાં ટેલીવિઝન સેટ રાખો છો ?'ઉતર મળ્યોઃ 'ના, અમારાં બાળકો પુસ્તકો વાંચે અમે અમે ઈચ્છીએ છીએ.'

એક માર્ગ પકડીને ચાલવાનો પ્રારંભ કરો.તમને માર્ગમાં ઘણા વધારે યાત્રીઓ મળશે.

લક્ષ્ય નકકી કરીને તે માર્ગે ચાલવા લાગશો તો રસ્તામાં અન્ય યાત્રીઓ મળતાં આગળનો માર્ગ બતાવી દેશે. તમે ચાલવાનું શરૂ કરો ! બેસી ન રહો ! **– જયોતિબેન થાનકી**




: સંપાદક :
**દેવેન્દ્ર એલ. ત્રિવેદી**
**(પુનિતપદરજ)**

## શ્રીકૃષ્ણ ને આપણે

**કાકાસાહેબ કાલેલકર**


નાનપણમાં શીકા ઉપરના માખણનું નૈવેદ્ય આત્મદેવને સમર્પણ કર્યા પછી યશોદા માતા પકડશે એ બીકેથી ગભરાયેલા શ્રીકૃષ્ણની નાટકી લીલા છોડી દઈએ તો શ્રી કૃષ્ણના આખા જીવનમાં દુઃખ કે ભયનો કયાંયે લવલેશ સરખો જડતો નથી. આટલું બધું વિવિધ ઘટનાઓથી પરિપૂર્ણ જીવન હોવા છતાં શ્રીકૃષ્ણ કોઈ કાળે દિડમૂઢ થયા નથી, દુઃખથી દબાઈ ગયા નથી અથવા ઉદાસીનતાથી મોળા પડયા નથી. જેને આસકિત જ નથી તે ઉદાસીન શાનો થાય ? જે બ્રહાનંદ જાણે છે તે શાને બીએ ? જે સર્વ ભૂતોમાં પોતાને જ જુએ છે તેના મનમાં રાગ, દ્વેષ કે જુગુપ્સા કયાંથી હોય ? એ જ શ્રીકૃષ્ણનું પૂર્ણત્વ છે. શ્રી કૃષ્ણને ગાંધારીએ ઘોર શાપ આપ્યો તેને શ્રીકૃષ્ણે પોતાના અવતારકૃત્યના મદદગાર તરીકે વધાવી લીધો. અભિમન્યુ મરાયો, ઘટોત્કચ મરાયો, દ્રૌપદીના પુત્રોનો વધ થયો, અઢાર અક્ષૌહિણી સેનાનો નાશ થયો, મહાન મહાન આચાર્યો પડયા, યાદવકુળનો સંહાર થયો, પણ શ્રી કૃષ્ણ જેવા ને તેવા – અક્ષુબ્ધ, અવિચલિત, ગંભીર જાણે પ્રલયકાળ પછીનો મહાસાગર.
આવા શ્રીકૃષ્ણ પાસે આપણે શું માગીએ ? દરેક જણ પોતાની વૃતિ પ્રમાણે માંગી લે. કૃપણ કૃપણથી પેઠે માગી લે, ભકત ભકતહદયથી માંગી લે, અભિમાની અભિમાનને કાજે એવાં વચન કાઢે અને પોતાનું પાપ પણ પરમાત્મા પર ઢોળી દે. પણ માગવું હોય તો વીરમતા, ધર્મમાતા, તપસ્વિની કુન્તીએ જે માગી લીધું તે જ માગવું જોઈએ.ભાગવતમાં કુન્તીની પ્રાર્થના કેવા સુંદર શબ્દોમાં આપેલી છે ! કુન્તીમાતા કહે છે, હે ભગવાન, જેમાં તારું વિસ્મરણ રહે, તારું ચિંતન થાય, શરણગતતા વધે એવિ આપતિ અમને આપ. ભગવાન ! અમને આપતિ આપ. આપદ : સન્તુ ન શશ્વત l કેમ કે –

વિપદો નૈવ વિપદ :, સંપદો નૈવ સંપદ : l વિપદ, વિસ્મરણં વિષ્ણોઃ, સંપદ નારાયણસ્મૃતિ : l પરમાત્માને ભૂલી જવો એ જ ભારે સંકટ અને નારાયણનું અખંડ સ્મરણ રહેવું એ જ સંપતિ, એ જ વૈભવ, એ જ શ્રેયપ્રેય, એ જ સ્વરાજય, સ્વારાજય અને વિષ્વસામ્રાજય !

'દરેક મનુષ્યે અને દરેક પ્રજાએ મહતા પ્રાપ્ત કરવી હોય તો, ભલાઈમાં દઢ વિશ્વાસ રાખવો, અદેખાઈ અને અવિશ્વાસમાંથી મુકિત મેળવવી અને સારા થવાનો તેમ જ સારું કરવાનો પ્રયત્ન કરનાર દરેકને સાથ આપવાનો પ્રયાસ કરવો. વિકાસની આ કેડી છે.'**– સ્વામી વિવેકાનંદ**

ઘરની બહાર ખાતરનો ઢગલો કરી રાખે તો તમારા ફરતે દુર્ગંધ પ્રસરી રહેશે, પણ એ જ ખાતરને નાખીને બાગ બનાવશો તો સુગંધ પ્રસરશે. નષ્ટ કરવા જેવું જીવનમાં કશું જ નથી, પણ પરિવર્તન કરવા જેવું, ઉદાત કરવા જેવું, ઉન્નતિ કરવા જેવું જીવનમાં પુષ્કળ છે. **– આચાર્ય રજનીશ**

જાનકીબેન જોષી
(શિક્ષિકા બેન – રૂપાયતન સ્કુલ–અમરેલી)



# આ મારું ચિત્ર છે



દાફડા જાનવી જયંતીભાઈ
(ધોરણ–૬– શ્રી રૂપાયતન–અમરેલી)



દાફડા જાનવી જયંતીભાઈ
(ધોરણ–૬– શ્રી રૂપાયતન–અમરેલી)



દાફડા જાનવી જયંતીભાઈ
(ધોરણ–૬– શ્રી રૂપાયતન–અમરેલી)

# લાઠી ખાતે ભાજપનાં ઉમેદવાર ભરત સુતરીયાનો અભિવાદન સમારોહ યોજાયો



લાઠી ખાતે અમરેલી લોકસભાના સરળ સહજ અને ખેડૂત પુત્ર તેમજ લાઠી તાલુકાનું ગૌરવ અને લાઠીના ઝરખીયા ગામના પનોતા પુત્ર ભરતભાઈ સુતરીયાનો અભિવાદન સ્મારોહ તેમજ ૯૬ લાઠી બાબરા વિધાનસભાના કાર્યકર્તાઓનું સંમેલન યોજાયું હતું.આ અભિવાદન સમારોહ તેમજ કાર્યકર્તા સંમેલનમાં અમરેલીના સાંસદ અમરેલી, જિલ્લાની તમામ વિધાનસભાના ધારાસભ્યઓ, પૂર્વ ધારાસભ્યઓ, જિલ્લા ભાજપ સંગઠનના પ્રમુખ, મહામંત્રીઓ, તાલુકા ભાજપ સંગઠનના પ્રમુખો મહામંત્રીઓ, તાલુકા પંચાયત લાઠી તેમજ બાબરાના પ્રમુખઓ સદસ્યો, બાબરા તેમજ દામનગર નગરપાલિકાના પ્રમુખો તેમજ સદસ્યો, લાઠી બાબરા દામનગર શહેર ભાજપ સંગઠનના હોદ્દેદારો, તમામ મોરચા સેલના સૌ હોદ્દેદારો, લાઠી બાબરા તાલુકાના ગ્રામ પંચાયતના સરપંચ તેમજ સદસ્યો, મહિલા આગેવાનો સહિતના હોદ્દેદારો તેમજ હજારોની સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

### એસપીની સુચનાથી સર્વેલન્સ ટીમની કામગીરી

## ઉનાઃ મોબાઈલ ચોરીનો અનડીકેટર ગુન્હો ડીટેક્ટ

### આરોપી બાલુભાઈ પરમાર વિરૂધ્ધ કાર્યવાહી

ઉના, તા. ૫

સર્વલન્સ સ્કોડના પો.સબ.ઈન્સ એચ.એલ.જેબલીયા, આર.પી.જાદવ, એ.એસ.આઈ ધર્મેન્દ્રસીહ માનસીહ પરમાર, જોરૂભા નારણભાઈ મકવાણા ભાવેશભાઈ કરશનભાઈ ખસીયા, પો.હેડ કોન્સ દિલીપભાઈ અશોકભાઈ સાંખટ, નાનજીભાઈ સાર્દુલભાઈ ચારણીયા, હરપાલસીહ મહાવીરસીહ ચુડાસમા, પો.કોન્સ વિજયભાઈ દુદાભાઈ ચૌહાણ, વિજયભાઈ હાજાભાઈ રામ, રાહુલભાઈ નારણભાઈ છેલાણા એ રીતેના પો.સ્ટાફના માણસો ટેકનીકલ સોર્સિસનો ઉપયોગ કરી ઉના પો.સ્ટે.ના આઈ.પી.સી.કલમ–૩૭૯ મુજબના ગુન્હાના કામે ચોરીમા ગયેલ મોબાઈલ ઓપો કંપનીનો એ–૫૭ કી.રૂ.૧૩૯૯૯/– સાથે આરોપી બાલુભાઈ ઉકાભાઈ પરમાર રહે, સનખડા તા.ઉનાને પકડી પાડી અનડીટેક ગુન્હો ડીટેક કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.



તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના

પાના ૧ ઉપરનું ચાલું

### અમરેલી ખાતે આવેલ આંગણવાડી કેન્દ્રની

કલેકટર સમકક્ષ સમજતા હોવાની પ્રતીતિ આંગણવાડી વર્કર અને તેડાગર અનુભવી રહ્યા હોવાની પ્રતીતિ જોવા મળી રહી છે. આંગણવાડી કેન્દ્રની આઈ.સી.ડી.એસ. શાખાના કર્મીઓ પણ પ્રોગ્રામ ઓફિસર જેટલા જ તુંડ મિજાજી અને એસી ઓફિસમાં બેસીને આંગણવાડી કેન્દ્ર સંચાલક, વર્કરો અને હેલ્પરોને હેરાન પરેશાન કરવા સિવાય અન્ય કોઈ કામ ના હોય તેમ આર.ટી.આઈ. માહિતી માંગવા છતાં યેનકેન કારણે માહિતીઓ પણ છુપાવી રહ્યા છે !! જયારે હજુ હાલમાં જ વર્કરમાંથી સુપર વાઈજરની થયેલી ભરતીમાં પણ જિલ્લા પંચાયતના અમુક કર્મીઓએ માનીતા અને સગા સંબંધીઓને સુપર વાઈજરના ઓર્ડર આપી દીધા હોવાની હૈયા વરાળો વર્કર મહિલાઓમાંથી સાંભળવા મળી રહી છે. જયારે આંગણવાડીમાં ભરતી કૌભાંડ થયું હોવાની આશંકાએ હાલ અમુક વર્કર મહિલાઓ દ્વારા હાઈકોર્ટનું શરણું લઈને ગતિવિધિ તેજ કરી હોય. ત્યારે આઈ.સી.ડી.એસ. શાખા પોતાનું પાપ છુપાવવા માટે સરકારના માહિતી અધિકારના કાયદાને પણ ઘોળીને પી જતી હોવાની વેદનાઓ આંગણવાડી મહિલા વર્કરો કરી રહી છે. ત્યારે ચૂંટણીની આચાર સંહિતા અમલીકરણ હોય અને આઈ.સી.ડી.એસ. શાખાના કર્મીઓ ફાટીને ધુમાડે ગયા હોય તેવો રૂઆબ કરતા હોવાની ફરીયાદો ઉઠવા પામી છે.

અત્રે ઉલેખનીય છે કે જિલ્લા પંચાયતની મહિલા બાળ વિકાસના ચેરમેનને પણ આઈ.સી.ડી.એસ.ના પ્રોગ્રામ ઓફિસર ગાંઠતા નથી. જયારે મળતી માહિતી પ્રમાણે આ આઈ.સી.ડી.એસ.ના પ્રોગ્રામ ઓફિસર અન્ય કચેરીમાં પણ ફરજમાં હોય ને વધારાનો ચાર્જ પ્રોગ્રામ ઓફિસરનો હોવાથી યેનકેન પ્રકારે રાજકીય અગ્રણીઓ કે સરકારી બાબુઓને પણ ગાંઠતા નથી ને કાયદાથી પર રહીને પોતાની મનસુફી મુજબની કામગીરીઓ અને કાર્યવાહીઓ કરતા હોય. ત્યારે સરકારનો પગાર લઈને કામગીરીમાં ઉણા ઉતરતા પ્રોગ્રામ ઓફીસર સામે આંગણવાડી મહિલાઓમાં રોષ ફાટી નીકળ્યો છે. ત્યારે ગાંધીના ગુજરાતમાં મહિલાઓને અન્યાય થતો હોવાની પ્રતીતિ આંગણવાડીની મહિલા વર્કર અને હેલ્પરો અનુભવી રહ્યા છે જેનું નિરાકરણ હવે આવશે કે પછી જય જય ગરવી ગુજરાત.

### મોંઘવારી અને બેરોજગારીથી પરેશાની વધી

## જાફરાબાદનાં યુવકે આર્થિક સંકડામણથી કંટાળી ગળાફાંસો ખાઈ લેતા અરેરાટી

### પોતાની મેળે ઘરે ગળાફાંસો ખાઈ લીધો

અમરેલી, તા. ૫

જાફરાબાદ ગામે રહેતા હરેશભાઈ નાથાભાઈ પરમાર નામનાં ૩૦ વર્ષિય યુવકની આર્થિક પરિસ્થિતિ નબળી હોય જેથી આર્થિક પરિસ્થિતિથી કંટાળી જઈ પોતાના મેળે તા. ૪ના રોજ જાફરાબાદ ટાઉન ઈદગાહ પોતાના ઘરે ગળફાંસો ખાઈ મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

પાના ૧ ઉપરનું ચાલું

### અમરેલી વિધાનસભા વિસ્તારનું

આગામી ચૂંટણીમાં દેશમાં ભાજપ નેતૃત્વ ધરાવતાં એનડીએને ૪૦૦ બેઠક મળવાની હોય અમરેલી બેઠક ઉપર ભાજપ તરફી મતદાન કરવા અને મતદાન કરાવવા આહવાન કરવામાં આવ્યું હતું.

આતકે યુવા આઈકોન મુકેશ સંઘાણી, અશ્વિન સાવલિયા, ભાવેશ સોઢા સહિતનાં આગેવાનો પણ ઉપસ્થિત રહ્યા હતા.

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

પાના ૮ ઉપરનું ચાલું

### બાબરાનાં ઈશ્વરીયા ગામનાં

ગામ સમસ્ત દ્વારા કરવામાં આવ્યું છે અને તેનું કારણ ડેમમાં ડૂબવાના બનાવો વધુ બનતા હોવાથી પિતૃકાર્ય સમાન ભાગવત કથા કરવામાં આવી રહી છે.

ત્યારે બાજુના ગામમાં રહેતો પાર્થ મનુભાઈ કમેજળીયા (ઉ.વ. ૧૨) તેના દસ બાર જેટલા મિત્રો સાથે અહીં કરીયાણાં ગામ ખાતે ડેમમાં ચાલતી કથામાં લાભ લેવા આવ્યા હતા અને ત્યારબાદ બાજુમાં આવેલ ડેમમાં મિત્રો સાથે ન્હાવા પડતા અકસ્માતે ડૂબવા લાગ્યો હતો અને અન્ય મિત્રો દ્વારા બુમાબુમ કરવા લાગતા આસપાસના લોકો દોડયા અને ડેમ પડી પાર્થને બહાર કાઢી તાત્કાલિક અસરથી ખાનગી વાહનમાં બાબરા ખાતે સરકારી દવાખાને લાવવામાં આવ્યા હતા જયાં ફરજ પરના તબીબ દ્વારા મૃત જાહેર કરવામાં આવ્યા હતા. ઘટનાની જાણ થતાં બાબરા પોલીસ દોડી આવી હતી અને વધુ આગળ તપાસ હાથ ધરી હતી.

ગામના લોકોએ દુઃખ ની લાગણી વ્યકત કરતા જણાવ્યું હતું કે જે બનાવો ડેમમાં ડુબવાના બની રહ્યા હતા તેના નિવારણ અર્થે પિતૃકાર્ય તેમજ ભાગવત કથાનું આયોજન ડેમ વિસ્તારમાં કરવામાં આવ્યું હતું અને કથાના પાંચમાં દિવસે ફરી દુઃખદ બનાવ બન્યો હતો.

ઈરીયા ગામે હીરાઘસવાનું કામ કરતાં મનુભાઈ કમેજળીયાને બે સંતાન છે જેમાં એક દીકરી અને એક દીકરો જેમાં પાર્થ મોટો હતો પરિવારે એકનો એક દીકરો ગુમાવતા કાળો કલ્પાંત સર્જાયો હતો અને એક બાળકના દુઃખદ અવસાનના કારણે ઈરીયા અને કરીયાણાં ગામમાં અરેરાટી ફેલાઈ ગઈ હતી.

### ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૫૦ | ૧૪૪૦ |
| ૨ | ઘઉં | ૩૯૦ | ૪૯૯ |
| ૩ | ચણા | ૧૦૬૨ | ૧૦૯૧ |
| ૪ | સફેદ ચણા | ૧૧૭૬ | ૧૧૭૬ |
| ૫ | દેશી ચણા | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ૬ | ધાણા | ૧૩૨૫ | ૧૪૦૧ |
| ૭ | જુવાર | ૫૦૦ | ૫૫૫ |
| ૮ | સોયાબીન | ૮૬૫ | ૮૬૫ |
| ૯ | મેથી | ૮૯૯ | ૮૯૯ |
| ૧૦ | રાઈ | ૧૧૬૧ | ૧૨૦૦ |
| ૧૧ | તુવેર | ૧૭૫૦ | ૧૯૦૧ |

### અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૧૫૦ | ૧૧૭૪ |
| ૨ | શિંગ મોટી | ૯૩૦ | ૧૨૮૧ |
| ૩ | શીંગદાણા ફાડા | ૧૫૦૦ | ૧૬૧૩ |
| ૪ | તલ સફેદ | ૧૫૩૦ | ૨૭૯૯ |
| ૫ | તલ કાળા | ૨૩૧૦ | ૩૧૯૦ |
| ૬ | બાજરો | ૩૬૫ | ૪૧૦ |
| ૭ | જુવાર | ૪૫૦ | ૮૪૦ |
| ૮ | ઘઉં બંસી | ૧૦૭૦ | ૧૦૭૦ |
| ૯ | ઘંઉ ટુકડા | ૪૦૨ | ૬૫૯ |
| ૧૦ | ઘઉં લોકવન | ૪૦૩ | ૫૯૬ |
| ૧૧ | ચણા | ૯૪૫ | ૧૧૨૪ |
| ૧૨ | ચણા દેશી | ૧૧૩૪ | ૧૩૩૦ |
| ૧૩ | તુવેર | ૧૨૦૦ | ૨૧૪૦ |
| ૧૪ | કપાસ | ૧૦૨૫ | ૧૫૫૮ |
| ૧૫ | એરંડા | ૧૦૬૦ | ૧૧૧૦ |
| ૧૬ | જીરૂ | ૩૭૦૦ | ૪૯૪૦ |
| ૧૭ | રાયડો | ૮૬૦ | ૯૦૭ |
| ૧૮ | રાય | ૧૦૦૦ | ૧૨૨૨ |
| ૧૯ | ગમ ગુવાર | ૮૫૦ | ૮૫૦ |
| ૨૦ | ધાણા | ૧૩૦૦ | ૧૯૯૦ |
| ૨૧ | ધાણી | ૧૩૮૦ | ૨૩૦૦ |
| ૨૨ | અજમા | ૧૩૦૦ | ૨૪૦૦ |
| ૨૩ | મેથી | ૧૦૨૨ | ૧૧૮૦ |
| ૨૪ | સોયાબીન | ૮૫૫ | ૮૮૨ |
| ૨૫ | મરચા લાંબા | ૭૨૦ | ૩૯૮૦ |
| ૨૬ | વરીયાળી | ૧૩૦૦ | ૨૫૧૦ |

### ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૨ | ૧૫૫૦ |
| ૨ | જુવાર સફેદ | ૯૨૧ | ૯૨૧ |
| ૩ | ચણા | ૧૦૭૬ | ૧૧૦૬ |
| ૪ | એરંડા | ૧૧૧૨ | ૧૧૧૫ |
| ૫ | તુવેર | ૧૬૧૧ | ૧૮૦૦ |
| ૬ | ઘઉં | ૪૮૬ | ૪૮૬ |
| ૭ | ધાણા | ૧૧૫૦ | ૧૧૫૨ |
| ૮ | બાજરો | ૪૫૦ | ૪૮૦ |
| ૯ | મેથી | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૧૦ | જીરૂ | ૪૦૨૬ | ૪૦૭૫ |
| ૧૧ | સોયાબીન | ૭૧૧ | ૮૧૨ |

### સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૧૦૦ | ૧૨૨૩ |
| ૨ | શીંગ મોટી | ૧૧૪૦ | ૧૩૦૦ |
| ૩ | તલ સફેદ | ૨૫૦૦ | ૨૬૦૦ |
| ૪ | જીરૂ | ૩૦૦૦ | ૪૭૬૦ |
| ૫ | કપાસ | ૧૩૨૧ | ૧૫૨૧ |
| ૬ | ઘઉં લોકવન | ૪૪૦ | ૫૬૩ |
| ૭ | ઘઉં ટુકડા | ૪૫૧ | ૫૭૬ |
| ૮ | બાજરો | ૪૨૫ | ૫૩૦ |
| ૯ | જુવાર | ૭૦૦ | ૮૭૧ |
| ૧૦ | મકાઈ | ૫૬૩ | ૬૨૦ |
| ૧૧ | ચણા | ૧૦૫૦ | ૧૧૪૬ |
| ૧૨ | ચણા દેશી | ૧૧૦૦ | ૧૩૫૧ |
| ૧૩ | તુવેર | ૧૬૦૦ | ૨૦૩૫ |
| ૧૪ | એરંડી | ૧૦૫૦ | ૧૧૬૦ |
| ૧૫ | મેથી | ૮૦૦ | ૧૦૩૦ |
| ૧૬ | રાય/રાયડો | ૮૭૦ | – |
| ૧૭ | ધાણા | ૧૪૦૦ | ૧૬૫૧ |
| ૧૮ | સોયાબીન | ૮૧૦ | ૮૫૦ |

### બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૩૩૦ | ૧૬૦૦ |
| ૨ | જીરૂ | ૩૯૫૦ | ૪૯૫૦ |
| ૩ | ઘઉં | ૪૫૫ | ૫૬૫ |
| ૪ | ચણા | ૧૦૫૫ | ૧૧૨૫ |
| ૫ | ધાણા | ૧૨૪૦ | ૧૮૦૦ |
| ૬ | તુવેર | ૧૫૧૦ | ૧૭૭૦ |
| ૭ | એરંડા | ૧૦૧૨ | ૧૦૮૮ |
| ૮ | મેથી | ૯૫૦ | ૧૦૯૦ |
| ૯ | રાઈ | ૯૩૦ | ૧૧૪૦ |

### બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૦૦ | ૧૫૦૦ |
| ૨ | ચણા | ૯૦૨ | ૧૦૮૩ |
| ૩ | જુવાર | ૬૨૦ | ૬૨૦ |
| ૪ | ચણા સફેદ | ૧૧૨૦ | ૧૧૪૪ |
| ૫ | ધાણા | ૧૧૩૫ | ૧૪૭૫ |
| ૬ | ઘઉં લોકવન | ૩૫૦ | ૪૮૫ |
| ૭ | ઘઉં ટુકડા | ૩૫૫ | ૫૧૯ |
| ૮ | સોયાબીન | ૮૩૫ | ૮૩૫ |
| ૯ | રાય | ૮૦૫ | ૮૪૦ |
| ૧૦ | મેથી | ૮૦૧ | ૧૦૦૦ |
| ૧૧ | તુવેર | ૧૮૭૦ | ૧૯૦૦ |
| ૧૨ | ધાણી | ૧૪૯૦ | ૧૬૦૦ |
| ૧૩ | રાયડો | ૮૨૮ | ૮૬૫ |
| ૧૪ | તલ સફેદ | ૨૧૫૦ | ૨૪૭૦ |
| ૧૫ | એરંડી | ૧૧૦૭ | ૧૧૧૭ |
| ૧૬ | મકાઈ | ૩૫૦ | ૪૨૫ |
| ૧૭ | શીંગદાણા | ૧૩૩૦ | ૧૪૨૫ |
| ૧૮ | મગફળી | ૯૦૦ | ૧૧૦૦ |
| ૧૯ | લસણ | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૨૦ | ડુંગળી | ૧૩૫ | ૧૩૫ |

### સંકુલ PG & પ્રોફેશનલ કોલેજ ફી 24-25

| ધોરણ | છમાસિક–ફી | ધોરણ | છમાસિક–ફી |
|---|---|---|---|
| M.Sc. કોલેજ MBC | ૨૦૦૦૦ | B.Pharm કોલેજ | ૩૦૦૦૦ |
| PG-DMLT કોલેજ | ૨૦૦૦૦ | ધો. ૬ થી ૮ હોસ્ટેલ | ૧૨૨૦૦ |
| B.Ed. કોલેજ | ૨૦૦૦૦ | ધો. ૯ થી ૧૨ હોસ્ટેલ | ૧૨૬૦૦ |
| MBA કોલેજ | ૨૨૫૦૦ | FY થી PG હોસ્ટેલ | ૧૩૪૦૦ |
| MCA કોલેજ | ૨૨૫૦૦ | ધો. ૧ થી ૧૦ CBSE | પ્રોસેસ |

શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)
સ્થળ:- શ્રીમતિ શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(લેઉવા પટેલ), ચક્કરગઢ રોડ -Ad006

### લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૯૫ | ૧૫૧૬ |
| ૨ | ચણા | ૯૧૬ | ૯૧૬ |

### રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૦૧૧ | ૧૧૭૧ |
| ૨ | તલ સફેદ | ૨૨૦૦ | ૨૪૨૫ |
| ૩ | તલ પીળા | ૩૭૦૦ | ૩૭૦૦ |
| ૪ | કપાસ | ૧૦૦૦ | ૧૫૧૪ |
| ૫ | બાજરો | ૪૨૫ | ૫૫૪ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૪૦ | ૬૧૦ |
| ૭ | જુવાર | ૬૬૦ | ૯૦૩ |
| ૮ | મકાઈ | ૫૫૦ | ૫૫૭ |
| ૯ | મેથી | ૮૫૦ | ૧૧૦૦ |
| ૧૦ | તુવેર | ૧૬૦૧ | ૧૬૦૧ |
| ૧૧ | ચણા | ૯૧૦ | ૧૧૧૨ |
| ૧૨ | જીરૂ | ૪૪૦૦ | ૪૪૦૦ |
| ૧૩ | અજમા | ૧૩૦૦ | ૧૩૦૦ |
| ૧૪ | રાય | ૧૧૨૫ | ૧૧૨૫ |
| ૧૫ | ધાણા | ૧૨૦૦ | ૧૨૦૦ |

# ધારી સ્થિત યોગીજી મહારાજ મહિલા કોલેજ ખાતે મતદાન જાગૃતિ કાર્યક્રમ : બાઈક રેલી યોજાઈ







અમરેલીતા.૦૫એપ્રિલ, ૨૦૨૪ (શુક્રવાર) સિસ્ટેમેટીક વોટર્સ એજયુકેશન એન્ડ ઈલેક્ટોરલ પાર્ટીસીપેશન (સ્વીપ) અંતર્ગત જિલ્લાના વિવિધ વિસ્તારોમાં મતદાન જાગૃત્તિ પ્રસરાવવાના આયોજનના ભાગઢપે કાર્યક્રમો શઢ છે. અમરેલી જિલ્લાના ધારી સ્થિત યોગીજી મહારાજ મહિલા કોલેજ ખાતે મતદાન જાગૃત્તિ કાર્યક્રમ અન્વયે યુવાઓ બાઈક રેલીમાં જોડાયા હતા. ધારી પ્રાંત અધિકારી તથા તાલુકા વિકાસ અધિકારીએ સહભાગી બનીને મતદાનનો સંદેશો પ્રસરાવ્યો હતો. આ પ્રસંગે બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ, યુવાઓએ મતદાન માટે શપથ લીધા હતા.

### પુસ્તક પરબના પ્રણેતાને શ્રધ્ધાંજલી અર્પણ કરાઈ

## અમરેલી ખાતે ડો. પ્રતાપભાઈ પંડયાનાં જન્મદિને દિવ્યાંગ બાળકો સાથે ઉજવણી

### "ગુલમહોર" સામયિકનું બાળકોનાં હસ્તે લોકાર્પણ

અમરેલી, તા. ૫

અમરેલી પંથકના ગૌરવ સમા એવાં ડો.પ્રતાપભાઈ પંડ્યાના જન્મદિન નિમિત્તે તારીખ ૪ એપ્રિલ ૨૦૨૪ને ગુઢવારના રોજ અમરેલી ખાતે અમરેલી જિલ્લા સાહિત્ય સર્જક પરિવારના પ્રમુખ મનીષાબેન પંડ્યાની શુભેચ્છા સાથે વિશિષ્ટ, ભાવસભર ઉજવણી કરવામાં આવી હતી.

અમરેલીની મુક બધિર શાળા ખાતે તેમજ સમન્વય સેન્ટર અમરેલીનાં દિવ્યાંગ બાળકો સાથે સર્જક પરિવારના પ્રમુખ મનીષાબેન પંડ્યાની પ્રેરણા અને શુભેચ્છાઓ સાથે મેનેજિંગ ટ્રસ્ટી ઉમેશભાઈ જોષીની આગેવાનીમાં ટ્રસ્ટીઓ સર્વ ઉદયભાઈ દેસાઈ, પરેશ મહેતા, કેતન જોષી, પ્રસિદ્ધ સાહિત્યકાર કાલિન્દી પરીખ, ભારતીબેન ગોહિલ, પ્રસિદ્ધ લોકગાયક વિમલભાઈ મહેતા, લોકસાહિત્ય સેતુના મહેન્દ્રભાઈ જોષી વગેરે જોડાયા હતા. આ પ્રસંગે સંસ્થાના મુખપત્ર 'ગુલમહોર'નાં આ વર્ષનાં નવા અંકનું લોકાર્પણ મુક, બધિર, દિવ્યાંગ બાળકોનાં વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. લોકાર્પણમાં સામેલ સહુ બાળકો ને નાસ્તો, આઈસ્ક્રીમ ની મોજ કરાવવામાં આવી હતી.





સમન્વય સેન્ટર અમરેલી અને મુક બધિર શાળાની પ્રવૃતિઓ વિશે રિયાઝભાઈ વેરસિયા તથા રઘુભાઈ ભટ્ટ દ્વારા સહુને માહિતગાર કરવામાં આવ્યા હતા. વંદનીય પ્રતાપભાઈ પંડ્યાના જન્મદિનની ઉજવણી દિવ્યાંગ બાળકો સાથે કરવા બદલ, લોકાર્પણ નું સન્માન બાળકોને આપવા બદલ, અને તેમને નાસ્તો આઈસ્ક્રીમ થી રાજી કરવા બદલ સંસ્થા પ્રમુખ મનીષાબેન પંડ્યા પ્રત્યે આદરભાવ સાથે આભારની લાગણી વ્યક્ત કરી હતી. ડો.પ્રતાપભાઈ પંડ્યાની જન્મદિન સ્મૃતિ વંદન ઉપક્રમમાં ભાવમય હાજરી આપવા બદલ સંસ્થાના શિક્ષકો, કર્મચારીઓ, બાળકો, પ્રત્યે ઉમેશભાઈ જોષી એ આભારની લાગણી વ્યક્ત કરી હતી.

### યુસ્ત ગાંધીવાદી વિચારસરણીને વરેલા

## અમરેલી :લોકશિક્ષક દિનુભાઈ સંવટનું ૮૩ વર્ષની વયે નિધન


### હજારો વિદ્યાર્થીઓનુ જીવન ઘડતર કર્યુ

અમરેલી, તા. ૫

આજીવન ચુસ્ત ગાંધીવાદી વિચારસરણીને વરેલા સર્વનું કલ્યાણ થાય તેવી પૂ.મહાત્મા ગાંધીબાપુની સર્વોદય પ્રવૃત્તિને જીવનપર્યન્ત સ્વીકારનાર અને આદર્શ અને શ્રેષ્ઠ શિક્ષકમાં જેની ગણના થાય તેવા લોક શિક્ષક દીનુભાઈ સંવટનું ટૂંકી બિમારી બાદ અવસાન થતા તેમના પરિવાર સહિત સર્વોદય જગત અને બહોળા પ્રમાણમાં ફેલાયેલા તેમના મિત્રો, વિદ્યાર્થીઓ, સ્નેહીઓમાં શોકનું મોંજુ ફરી ગયું છે.

મુળ સરંભડા ગામના રહેવાસી દિનુભાઈ સંવટનો પરિવાર પ્રથમથીજ સર્વોદય સંસ્થાઓ જોડે જોડાયેલો હોવાથી તેમના જીવનમાં પણ સર્વોદય વાદી વિચારસરણી એ સ્થાન લીધું હતું. પૂ. મહાત્મા ગાંધી બાપુના વિચારો એ તેમને નખશિખ ગાંધીવાદી બનાવ્યા હતા. માત્ર ગાંધીવાદીનો દેખાડો નહી પરંતુ ગાંધીબાપુના સ્વાશ્રયીના તમામ સિધ્ધાંતોનું પાલન કરવાનું. જાતેજ રેટીયો કાતી ને તેમાથી બનતી ખાદીના જ કપડા પહેરવાના, કપડા પણ જાતેજ ધોવાના અને રોજે રોજના પોતાના તમામ કાર્યો પોતાએજ કરવાના. પ્રથમથીજ સર્વોદય સંસ્થા સાથે જોડાયેલ હોવાને કારણે સર્વોદય સંસ્થા માંજ વર્ષો સુધી શિક્ષક તરીકેની ફરજ બજાવી ને એક આદર્શ અને શ્રેષ્ઠ શિક્ષકની નામના મેળવી હતી. સરંભડા, કમીગઢ, પીપળલગ, મોટા ભંડારીયા સહિત અનેક ગામોંમા તેઓએ નિષ્ઠાપૂર્વક ફરજ બજાવી હતી. તેમના હાથ નીચે ભણેલા હજારો વિદ્યાર્થીઓને સર્વોદય અને ગાંધીવાદી મૂલ્યો દ્વારા જીવનનું ઘડતર કરવામાં તેઓનું બહોળું યોગદાન હતું. માત્ર શિક્ષકજ નહી પરંતુ તેઓ એક સાચા લોક શિક્ષક હતા. જે ગામમાં તેઓ ફરજ બજાવતા ત્યાં બાપુની સર્વધર્મ સમભાવ ના મંત્ર દ્વારા ગામમાં અંધશ્રદ્ધા, આભડછેટ, કુરીવાજોની સામે લોકો ને લડત આપવા પ્રેરણા આપતા. ગરીબ અને છેવાડાના માનવીને મદદઢપ બની ને તેઓનું જીવન ધોરણ કેમ ઊંચું આવે તેના માટે પ્રસન્નશીલ રહેતા. તેમની અંત્યોદયની પ્રવૃત્તિ ને આજે પણ ગામડાઓ યાદ કરે છે.

સર્વોદયની પ્રવૃત્તિ કરતી અનેક સંસ્થાઓ સાથે તેઓ આજીવન જોડાયેલા રહ્યાં હતા. ગુજરાત ના મોટા ગજા ના રચનાત્મક આગેવાન સ્વ.રતુભાઈ અદાણી તેમજ સ્વ.લલુભાઈ શેઠ સાથે તેમને નજીકનો ઘરોબો હતો. સ્વ.ગુણવંદદાદા પુરોહિત તથા હસુમતિબા પુરોહિત સાથે તો તેઓ પ્રશમથીજ જોડાયેલા હોવાથી તેઓ એક પરિવારના સભ્ય તરીકે જ હતા. ચુસ્ત ગાંધીવાદી સ્વાતંત્ર્ય સેનાની સ્વ.ઈસ્માઈલદાદા નાગોરી, સ્વ.અમુલખભાઈ ખીમાણી, ગફુલભાઈ બિલખીયા, પ્યાર અલીભાઈ હાલાણી સાથે તેઓ નજીકથી જોડાયેલા રહ્યા. પૂ.વિનોબા ભાવે સાથે પણ તેઓ જોડાયેલા હતા. પર્યાવરણ લગત સંસ્થાઓ સાથે જોડાયેલા રહીને તેઓએ પર્યાવરણ લક્ષી પ્રવૃત્તિઓ કરીને મહત્વની ભૂમિકા બજાવી હતી. અનેક આર્થિક રીતે નબળા વિદ્યાર્થીઓને ખાનગીમાં આર્થિક સહયોગ કરીને



ભણવામાં મદદઢપ બનીને એક શિક્ષક તરીકેની ઉત્તમ ફરજ તેઓએ બજાવી હતી. અનેક વિદ્યાર્થીઓ ને નોકરી મેળવવામાં પણ સહાયઢપ બન્યાના અનેક દાખલાઓ છે. આમ એક સાચા અર્થમાં સર્વોદય વિચારસરણીનું નખશિખ પાલન કરનાર એક આદર્શ લોકશિક્ષકનુ અવસાન થતા સમાજે એક રચનાત્મક આગેવાન ગમાવ્યા છે જેની આજના સાંપ્રત સમયમાં સમાજ ને જરૂર છે.

### ડીસ્ટ્રીકટ ચેમ્બર ઓફ કોમર્સની માંગ

## અમરેલી જિલ્લાની સ્ટેટ બેન્કની તમામ શાખામાં સોનાનાં વેલ્યુઅરની નિમણુંક કરો

### બેન્કના મેનેજરને આવેદન પત્ર પાઠવ્યું

અમરેલી, તા. ૫

અમરેલી ડીસ્ટ્રીકટ ચેમ્બર ઓફ કોમર્સ પ્રમુખ ચતુરભાઈ પટેલ અને કાર્યકારી પ્રમુખ હરેશ સાદરાણીએ બેન્કનાં મેનેજરને આવેદનપત્ર પાવેલ છે. આવેદનપત્રમાં જણાવેલ છે કે એસ.બી.આઈ. ની દરેક શાખામાં સોનાના દાગીનાના ધીરાણ બાબતે દરેક બ્રાંચમાં માત્ર એકજ વેલ્યુર હોય તેથી નાના મોટા દરેક ગ્રાહકોની મૌખીક તથા લેખીત ફરીયાદો અમો પાસે આવેલી છે. જયારે રાષ્ટ્રીયકૃત દરેક બેંક તથા સહકારી બેંકોમાં બે થી ત્રણ વેલ્યુરની પેનલો હોય છે. એસ.બી.આઈ. ની દરેક બ્રાંચમાં તથા મુખ્ય શાખામાં ગોલ્ડ વેલ્યુરની નીમણુક કરવા જેથી ગ્રાહકોને ધીરાણ ઝડપી મળી જાય અને સમયસર પોતાનું કામ પુરૂ કરી શકે. યોગ્ય કાર્યવાહી કરવા અંતમાં જણાવેલ છે.



### બેન્કનાં સૈંકડો ગ્રાહકોમાં નારાજગીનો માહોલ

## જાફરાબાદની એસબીઆઈમાં પાસબુક એન્ટ્રી મશીન શોભાના ગાંઠીયા સમાન બન્યું

### બેન્કનાં સતાધીશોએ યોગ્ય કરવું જરૂરી

જાફરાબાદ, તા. ૫

જાફરાબાદ ખાતે આવેલ એસબીઆઈના પાસબુક એન્ટ્રી મશીન શોભાના ગાંઠિયા સમાન છે.બેંકમાં અસંખ્ય ખાતા ધારકો હાલ થઈ રહ્યાં છે. હેરાન પરેશાન જાફરાબાદ ગ્રામ્ય વિસ્તારોમાંથી આવત્તા ખેતમજૂરી કરતા લોકો પોતાની મંજુરી પડતી મૂકી પાસબુક લઈ એન્ટ્રી પાડવા માટે ગ્રામ્ય વિસ્તારમાંથી ટીકીટ ભાડું ખર્ચો કરીને જાફરાબાદ સુધી આવતા હોય પરંતુ પાસબુક એન્ટ્રી મશીન બંધ હાલતમાં હોવાથી લોકો ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. એસબીઆઈમાં ત્રણ–ત્રણ મશીનો હોવા છતાં પણ બેંક દ્વારા રીપેરીંગ કરવામાં આંખ આડા કાન કરવામાં આવી રહ્યા છે. આ એસબીઆઈ બેકમાં દિન પ્રતિદિન લોકોની સમસ્યાઓ ઘટવાને બદલે વધી રહી છે. લોકોને થતી મુશ્કેલીઓ દિવસેને દિવસે વધી રહી હોય આ બેંકમાં થતી હાલાકી બાબતે સ્થાનિક નેતાગીરી ધ્યાન આપે તેવી પણ લોકોમાંથી ચર્ચાઈ રહ્યું છે. આ જોતાં એવું લાગી રહ્યું છે કે અંધેર નગરી ચોપટ રાજા જેવા હાલ જાફરાબાદ શહેરના થઈ રહ્યા છે. ગ્રામ્ય લોકો કાળઝાળ ગરમીમાં જાફરાબાદ સુધી એસબીઆઈ બેંકમાં એન્ટ્રી પાડવા માટે આવતા હોય છે. પરંતુ વિલા મોઢ પરત ફરી રહ્યા છે. આ ત્રણ–ત્રણ મશીનો બંધ હાલતમાં હોવા છતાં જવાબદાર અધિકારીનું પેટનું પાણી પણ હલતું નથી લોકો પારાવાર મુશ્કેલીનો સામનો કરી રહ્યા હોય પરંતુ બેંક મેનેજર એ.સી. ચેમ્બરમાંથી બહાર નીકળી લોકોની મુશ્કેલી દૂર કરવા ને બદલે નજારો જોઈ રહ્યા છે. ગ્રામ્ય લોકો તેમજ જાફરાબાદ શહેર ની જનતા આ બંધ પાસબુક એન્ટ્રી મશીનથી અને એસ.બી.આઈ બેંક મેનેજર સામે આક્રોશ જોવા મળી રહ્યો છે. આ એન્ટ્રી મશીનો તાત્કાલિક ધોરણે રીપેરીંગ કરવામાં નહીં આવે તો ઉચ્ચ સ્તરીય રજુઆત કરવામાં આવશે તેવું જાગૃતજણો દ્વારા જૂણાવ્યું છે. શું આ બાબતે એસ.બી.આઈ બેંક મેનેજર ગંભીર બનશે કે પછીહોતા હૈ ચલતા હૈ તેવું અપનાવવામાં આવશે હાલમાં તો લોકો આ એસબીઆઈસામે ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે.




અમરેલીનું સૌ પ્રથમ પ્લેહાઉસ અને ઈંગ્લીશ મિડીયમ સ્કૂલ ( ૨૦૦૨ થી )

'ઈસ્કૂલી લાઈવ બુક' દ્વારા બાળકોને અભ્યાસ માટે હવે સંપુણ આઝાદી ભણશે ગમે ત્યારે, ગમે એટલીવાર

છેલ્લા ૨૦ વર્ષથી બાળકોને ભાતીગળ સંસ્કૃતિની વિરાસત સાથે આધુનિક ટેકનોલોજી દ્વારા શિક્ષણ આપી બાળકોની કારકિર્દી માટે મદદરૂપ બનતી અમરેલી શહેરની એક અને એકમાત્ર સ્કૂલ, હવે ૨૧ મી સદીના ડીજીટલ યુગમાં એક નવા જ રીસર્ચ દ્વારા અમો લાવ્યા છીએ 'ઈસ્કૂલી' ડીજીટલ અભ્યાસકમ જેના કારણે બાળકો અભ્યાસમાં પરફેક્ટ બની શકસે. ઓફ લાઈન સાથે હવે ડીજીટલ માધ્યમ પણ ઉપલબ્ધ ...

આપના મોબાઈલમા QR કોડ સ્કેન કરો

શરૂ થતાં નવા સત્ર માટે... પ્રવેશ શરૂ

પ્રવેશ માટે સવારે ૯:૦૦ થી ૨:૦૦ સુધીમાં રૂબરૂ સંપર્ક કરો



કોઈપણ સ્કૂલ બાળકોને એકજવાર અભ્યાસ કરાવે છે. જયારે ડીજીટલના માધ્યમ (સ્કેન એન્ડ લર્ન) તથા મોબાઈલ એપ દ્વારા બાળકોને અનેકવાર અભ્યાસ કરાવી ઓનલાઈન ટેસ્ટ અને રીવીઝન દ્વારા બાળકોને પરફેક્ટ બનાવતી શહેરની એકમાત્ર સ્કૂલ

CBSE પદ્ધતિ મુજબનું શિક્ષણ જેથી કોઈપણ મેગાસીટીમાં અભ્યાસ માટે સક્ષમ બની શકે




મેટ્રોપોલીટીન શહેરો જેવી સુવિધા ધરાવતી અમરેલીની એકમાત્ર સ્કૂલ

- કોમ્પ્યુટર લેબની સુવિદ્યા
- સાયન્સ લેબ
- લેન્ગવેજ લેબ
- ઓડિયો વિડીયો એજયુકેશન
- લાગણી સભર પ્રેમાળ સ્ટાફ
- મિનરલ વોટર
- ફાયર સેફ્ટી બિલ્ડીંગ
- કેમેરા દ્વારા સુરક્ષા
- સ્કૂલ બસ ની સુવિદ્યા
- એજયુકેશન ટોય્સ
- ફેસ્ટિવલ સેલિબ્રેશન
- ઓનલાઈન એપ
- ઓનલાઈન ટેસ્ટ
- વૉટ્સએપ રિપોર્ટ
- પેરેન્ટ્સ મિટિંગ
- મધર્સ ટ્રેનિંગ
- પેરેન્ટ્સ સેમિનાર
- ડિજિટલ બુક્સ
- રીવીઝન માટે મોબાઈલ એપ
- ઈન્ટરેક્ટિવ ક્લાસરૂમ
- પેરેન્ટ્સ દ્વારા ટેસ્ટ

અન્ય સ્કૂલોની વિચારધારા જયાં પુરી થાય, ત્યાંથી સનફલાવરનું શિક્ષણ શરૂ થાય છે...

PLAY HOUSE @ L.K.G. @ U.K.G. ધોરણ ૧ થી ૮ સુધી

SUNFLOWER™ Preschool

લાઠી રોડ, કાર વર્લ્ડ શો રૂમ પાછળ, અમરેલી. મો. ૯૪૨૮૭ ૦૮૮૮૦

sunflowerpreschool.in

## સહકારી મંડળીનાં મંત્રીએ ૫૬ લાખ રૂપિયાની છેતરપીંડી કરતાં

# લાઠીનાં હરસુરપુર ગામનાં ૨૧ ખેડૂતોની હાલત દયનીય

મંડળીનાં કર્મીએ પોલીસ ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપી મંત્રીની અટકાયત પણ કરેલ

બીજી તરફ ખેડૂતોની રકમ મંડળીમાં બાકી બોલતી હોવાથી તેમને કયાંયથી ખેત ધિરાણ મળતું નથી

ખેડૂતોનાં નાણા ડૂબી ગયા અને હવે તો તેમને કયાંયથી ધિરાણ ન મળતાં નાસીપાસ થયા

ખેડૂતોએ ''અમરેલી એક્સપ્રેસ'' કાર્યાલયમાં પહોંચીને તેમની હૈયાવરાળ ઠાલવી



અમરેલી, તા. ૫

''કાળા કામ કરે કોઈને તેમની સજા ભોગવે અન્ય કોઈ'' આ કહેવતખરાઅર્થાંસાર્થકથતીહોયતેવી એક ઘટના લાઠીનાં હરસુરપુર ગામેથી પ્રકાશમાંઆવીછે.

હરસુરપુરનાં ૨૧ જેટલા ખેડૂતોએ હરસુરપુર સેવા સહકારી મંડળીમાંથી જુદી-જુદી રકમનું પાક ધિરાણલીધેલઅનેનિયતસમયેખેડૂતોએ મંડળીનીરકમમંડળીમાંભરતાંમંડળીનાં દીપકભાઈ પોપટાણીએ ખેડૂતોને પહોંચ પણ આપી. પરંતુ તે રકમ મંડળીમાંજમાનકરાવીનેતેનાસીજતાંતેમનાં સ્થાને આવેલ મંડળીનાં નવા મંત્રી વિજયભાઈ ખૂંટે સ્થાનિક પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે કાનૂની કાર્યવાહી શરૂ કરીછે. બીજી તરફ ૨૧ ખેડૂતોએ ૫૬ લાખ જેવી રકમ મંડળીનાં મંત્રીને આપી દીધી છે. પરંતુ મંત્રીએ વિશ્વાસઘાત કર્યો અને તે રકમ મંડળીમાં જમા ન થતાં ખેડૂતોને તે મંડળી કે અન્ય કોઈ સહકારી કે સરકારી સંસ્થામાંથી પાક ધિરાણ મળતું ન હોવાથી ખેડૂતો નાણાકીય મુશ્કેલીનો સામનો કરી રહ્યાં છે. ભોગ બનેલ ખેડૂતોએ ''અમરેલી એકસપ્રેસ'' કાર્યાલયમાં આવીને તેમની હૈયાવરાળ ઠાલવી હતી. તેમને કોઈ સંસ્થામાંથી પાક ધિરાણ મળે તેવી આશા વ્યકત કરી હતી અને નહિ તો ગાંધીચિંધ્યા માર્ગે આંદોલન કરવાની ચીમકી આપી છે.

## સામેથી આવી રહેલ ટ્રક સાથે અકસ્માત સર્જાયો

# દોડધામ : બાબરાનાં લુણકી ગામ નજીક અકસ્માત થતાં સીએનજી ટ્રકમાં વિકરાળ આગ લાગી

## અમરેલી અને બાબરાની ફાયર ટીમે આગ પર કાબુ મેળવ્યો



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા

અમરેલી, તા. ૫

અમરેલી-બાબરા માર્ગ પર આવેલ લુણકી ગામ નજીક એક સીએનજી ટ્રક અને સામેથી આવી રહેલ ટ્રક વચ્ચે અકસ્માત સર્જાયો હતો.

અમરેલી પોલીસ કંટ્રોલ રૂમ દ્વારા અમરેલી ફાયર કંટ્રોલ રૂમ ખાતે ટેલીફોનિક જાણ કરવામાં આવેલ કે બાબરા તાલુકાના લુણકી ગામ નજીક રોડ પર સુપર પ્રોફિટ ટ્રક (સીએનજી) સાથે અકસ્માત સર્જાતા અચાનક સીએનજી ટ્રકમાં આગ લાગવાની ઘટના બનેલી. તેના અનુસંધાને ફાયર ઓફિસર એચ.સી. ગઢવીની રાહબરી નીચે ફાયર વિભાગ બાબરાની ટીમ તથા અમરેલી ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસની ટીમ તુરંત ઘટના સ્થળ પર પહોંચી પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવેલ તથા આ સંપૂર્ણ ઘટનામાં કોઈ જાનહાની થયેલ નથી તથા કામગીરી કરનાર ફાયર સ્ટાફ (૧) ગોહિલ ભગવતસિંહ (૨) સાગરભાઈ પુરોહિત (૩) જગદીશ ભુરીયા (૪) ઈન્દ્રજીતસિંહ ખુમાણ -ટ્રેઈની (૫) ધર્મેશ જુવાદરીયા-ટ્રેઈની વગેરેએ મુખ્ય ભૂમિકા ભજવી હતી.


## ''નલ સે જલ'' યોજનાનાં માહોલની વાસ્તવિકતા

# સાવરકુંડલા : વીજપડીમાં ભરઉનાળે મહિનામાં બે વાર જ પાણી વિતરણ

## સ્થાનિક ગામ પંચાયત યોગ્ય કરે તેવી માંગ

અમરેલી, તા. ૫

એક તરફ સરકાર દ્વારા ''નલ સે જલ'' યોજનાની મસમોટી કામગીરી થતી હોવાનો દાવો થઈ રહ્યો છે અને બીજી તરફ ગ્રામ્ય વિસ્તારમાં ''નલ સે જલ'' ગાયબ હોય તેવા દ્રશ્યો સામે આવી રહ્યા છે.



સાવરકુંડલાનાં વીજપડી ગામે દર ૧૫ થી ૨૦ દિવસે પાણી વિતરણ થતાં મહિલાઓ પાણી માટે ભટકી રહી હોય સ્થાનિક ગ્રામ પંચાયતનાં શાસકો વેરાની જે રીતે કડક ઉઘરાણી કરે છે તેવી જ રીતે ગામજનોને નિયમીત પાણી વિતરણ કરે તેવી માંગ ઉભી થઈ છે.




## કિશોર ૧૦-૧૨ બાળકો સાથે જળાશયમાં ન્હાવા પડયો

# બાબરાનાં ઈશ્વરીયા ગામનાં ૧૨ વર્ષીય કિશોરનું કરિયાણા જળાશયમાં ડૂબી જવાથી મોત નિપજયું

## ડેમમાં મૃત્યુ પામેલ સ્વજનોનાં મોક્ષાર્થે યોજાયેલ કથામાંથી કિશોર ડેમમાં ગયો હતો

બાબરા, તા. ૫

બાબરા તાલુકા ઈરીયા ગામે રહેતા પાર્થ મનુભાઈ કમેજળીયા (ઉ.વ. ૧૨) અહીં બાજુના ગામમાં આવેલ કરીયાણાં ડેમમાં ન્હાવા પડતા ડૂબી જવાના કારણે મૃત્યુ પામતા નાના એવા ગામમાં અરેરાટી ફેલાય ગઈ હતી.

બનાવની પ્રાથમિક વિગત અને ગામના લોકોના જણાવ્યા અનુસાર અહીં કરીયાણાં ગામમાં આવેલ ડેમના



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા

ખુલા વિસ્તાર ભાગવત કથાનું આયોજન

અનુસંધાન પાના ૬ ઉપર










*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)